અધ્યાત્મયુગસ્રષ્ટા

# ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

( સંક્ષિપ્ત જીવનવૃત્ત તથા ઉપકારગુણકીર્તન )



એવા કંઈક પ્રભાવથી,
ગગનથી ઓ ક્હાન તું ઉતરે,
અંધારે ડૂબતા અખંડ સતને
તું પ્રાણવંતું કરે.

પ્રકાશક
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦

* ભગવાનશ્રીકુંદકુંદ-કહાનજૈનશાસ્ત્રમાળા, પુષ્પ—૧૫૨ *

ૐ

સદ્‌ગુરવે નમઃ ।

અધ્યાત્મયુગસ્રષ્ટા

# ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

(સંક્ષિપ્ત જીવનવૃત્ત તથા ઉપકારગુણકીર્તન)

સહજ ચિદાનંદ.

લેખક :

બ્ર. ચંદુલાલ ખીમચંદ ઝોબાળિયા

—: પ્રકાશક :—

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,

સોનગઢ (સૌરાષ્ટ્ર)—૩૬૪૨૫૦

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦




| | | | |
|---|---|---|---|
| પ્રથમાવૃત્તિ | પ્રત : ૨૧૦૦ | વિ.સં. ૨૦૪૦ | ઈ.સ. ૧૯૮૪ |
| દ્વિતીયાવૃત્તિ | પ્રત : ૧૦૦૦ | વિ.સં. ૨૦૪૩ | ઈ.સ. ૧૯૮૭ |
| તૃતીયાવૃત્તિ | પ્રત : ૧૫૦૦ | વિ.સં. ૨૦૬૭ | ઈ.સ. ૨૦૧૧ |


'ગુરુદેવ શ્રી કાનજીસ્વામી'(ગુજરાતી)ના

**સ્થાયી પ્રકાશન પુરસ્કર્તા**

પ્રિયાંશિ–હિતાંશિ હેમંત ડેલીવાળા, સુરેન્દ્રનગર

તથા ઋષભ હેમલ ઝોબાળિયા, પાર્લા–મુંબઈ


*(ગુરુદેવશ્રીના ૭૭મા પરિવર્તન દિનની ઊજવણીની ખુશાલીમાં)*

આ પુસ્તકની પડતર કિંમત રૂા.૧૦.૫૦ થાય છે. મુમુક્ષુઓની આર્થિક સહાયથી આ આવૃત્તિની કિંમત રૂા.૧૦=૦૦ રાખવામાં આવેલ છે.

**કિંમત રૂા. ૧૦=૦૦**

મુદ્રક
કહાન મુદ્રણાલય
સોનગઢ-૩૬૪૨૫૦
ફોન : (૦૨૮૪૬) ૨૪૪૦૮૧

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250



પરમ પૂજ્ય અધ્યાત્મમૂર્તિ સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

# શ્રી સદ્‌ગુરુદેવ–સ્તુતિ

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દ્રષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે, પરદ્રવ્ય નાતો તૂટે;
—રાગદ્વેષ રુચે ન, જંપે ન વળે ભાવેંદ્રિમાં-અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

(સ્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું,—મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

*

પૂજ્ય શ્રી કહાનગુરુદેવ શાસ્ત્રોનાં સૂક્ષ્મ રહસ્યો ખોલીને મુક્તિનો માર્ગ સ્પષ્ટ રીતે સમજાવી રહ્યા છે. તેઓશ્રીએ પોતાના સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા તત્ત્વ પ્રકાશી ભારતને જાગૃત કર્યું છે. ગુરુદેવનો અમાપ ઉપકાર છે. આ કાળે આવા માર્ગ સમજાવનાર ગુરુદેવ મળ્યા તે અહોભાગ્ય છે. સાતિશય ગુણરત્નોથી ભરપૂર ગુરુદેવનો મહિમા અને તેમનાં ચરણકમળની ભક્તિ અહોનિશ અંતરમાં રહો.

—બહેનશ્રી ચંપાબેન

ગુરુદેવ તો ગુરુદેવ જ હતા. તેઓ (ભાવીના) શલાકાપુરુષ હતા. તેમને અંદરમાં ચૈતન્યચમત્કાર પ્રગટ્યો હતો. તેમની દિવ્ય મુખમુદ્રા ઉપર જ્ઞાન-વૈરાગ્યની નિસ્પૃહતાભરી ખુમારી દેખાતી. તેમની આંખોમાં ચૈતન્યનું તેજ ને ચમત્કૃતિ હતી. તેમનો દેદાર જોતાં જ એમ લાગે કે આ મહાપુરુષ છે.

શાસ્ત્રોમાં ભરેલા ગહન ભાવો ખોલવાની ગુરુદેવમાં અજબ શક્તિ હતી. તેમને શ્રુતની લબ્ધિ હતી. વ્યાખ્યાનમાં નીકળતા ગંભીર ભાવો સાંભળતાં ઘણીવાર એમ થતું કે 'આ તે શું શ્રુતસાગર ઊછળ્યો છે? આવા ગંભીર ભાવો ક્યાંથી નીકળે છે? ગુરુદેવના જેવી વાણી ક્યાંય સાંભળી નથી. તેમની અમૃતવાણીના રણકાર કેટલા મીઠા હતા?—જાણે કે સાંભળ્યા જ કરીએ. તેમના જેવું, આત્માને સ્પર્શીને નીકળતું એક વાક્ય પણ કોઈ બોલી શકતું નથી. અનુભવરસથી રસબસતી ગુરુદેવની જોરદાર વાણીના પડકાર કોઈ જુદા જ હતા;—પાત્ર જીવોના પુરુષાર્થને ઉપાડે અને મિથ્યાત્વના ભૂક્કા ઉડાડી દે એવી દૈવી વાણી હતી. આપણાં ભાગ્ય કે ગુરુદેવની એ મંગલમય કલ્યાણકારી વાણી ટેઈપમાં ઊતરીને જીવંત રહી.

કલ્યાણમૂર્તિ કૃપાળુ ગુરુદેવનો આપણા ઉપર અનંત અનંત ઉપકાર છે.

—બહેનશ્રી ચંપાબેન

કૃપાળુ ગુરુદેવનું ફરમાન છે કે—'તું આત્મા છો, જ્ઞાનઆનંદાદિ અનંત ગુણોથી ભરપૂર પદાર્થ છો. આત્મપદાર્થ શરીરથી જુદો છે, શુભાશુભ ભાવોથી પણ કથંચિત્ જુદો છે અને ક્ષણિક પર્યાય પૂરતો પણ તે નથી. તે આત્મા જ ગ્રહણ કરવા જેવો છે. એ જ શાન્તિ અને સુખ પ્રાપ્ત કરવાનો માર્ગ છે.' ગુરુદેવના આ પાવનકારી ઉપદેશને પૂરા પુરુષાર્થપૂર્વક આપણે અનુસરીએ કે જેથી આ અનાદિ પરિભ્રમણનાં અવર્ણનીય દુ:ખોનો ક્ષય કરી સ્વભાવભૂત પરિપૂર્ણ સમાધિસુખને પામીએ.

—બહેનશ્રી ચંપાબેન

સહજ ચિદાનંદ.

*

આવા કાળે પરમ પૂજ્ય ગુરુદેવશ્રીએ આત્મા પ્રાપ્ત કર્યો તેથી પરમ પૂજ્ય ગુરુદેવ એક 'અચંબો' છે. આ કાળે દુષ્કરમાં દુષ્કર પ્રાપ્ત કર્યું; પોતે અંતરથી માર્ગ પ્રાપ્ત કર્યો અને બીજાને માર્ગ બતાવ્યો. તેમનો મહિમા આજે તો ગવાય છે પરંતુ હજારો વર્ષો સુધી પણ ગવાશે.

—બહેનશ્રી ચંપાબેન

*

# અધ્યાત્મયુગસ્રષ્ટા ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

## (સંક્ષિપ્ત જીવનવૃત્ત તથા ઉપકારગુણકીર્તન)

ભરતક્ષેત્રની આ ચોવીસીના ચરમ તીર્થંકર ભગવાન શ્રી મહાવીરસ્વામી દ્વારા સમુપદિષ્ટ અને ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ આદિ નિર્ગ્રંથ સંતો દ્વારા સુરક્ષિત, તર્કશુદ્ધ અબાધિત સુવિજ્ઞાન-સિદ્ધાન્તોની કસોટીમાંથી પાર ઊતરી શકે એવો, અધ્યાત્મરસપ્રમુખ વીતરાગ જૈનધર્મ કાળદોષે વૈજ્ઞાનિક ભૂમિકા ઉપરથી સરી પડીને રૂઢિચુસ્ત સાંપ્રદાયિકતામાં અને ક્રિયાકાંડમાં અટવાઈ ગયો હતો એવા આ યુગમાં-વિક્રમની વીસ-એકવીસમી સદીમાં—ભારતવર્ષના જીવોના મહાન પુણ્યોદયે જે મહાપુરુષે અવતાર લઈને આત્મસાધનાનો અધ્યાત્મ પંથ ઉજાળ્યો, વાડાની કેદમાંથી બહાર કાઢી જેમણે હજારો જીવોમાં શુદ્ધ આત્મા સમજવાની જિજ્ઞાસા જગાવીને એક નવા મુમુક્ષુસમાજનું સર્જન કર્યું, પોતાની સ્વાનુભવસમૃદ્ધ ભેદજ્ઞાનકળાથી જિનશાસનનાં સૂક્ષ્મ રહસ્યોને ઉકેલીને જેમણે 'તારામાં બધું ભર્યું પડ્યું છે' એમ જાહેર કરી પ્રત્યેક જીવની શક્તિરૂપ પ્રભુતાનો જગતમાં ઢંઢેરો પીટ્યો—ઈત્યાદિ અનેક પ્રકારે ભારતવર્ષના ધર્મપિપાસુ જીવો ઉપર જેમનો અનંત અનંત ઉપકાર છે તે અધ્યાત્મયુગસ્રષ્ટા પરમકૃપાળુ પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનું સંક્ષિપ્ત *જીવનવૃત્ત તથા ઉપકાર-ગુણકીર્તન અત્રે પ્રસ્તુત કરવામાં આવ્યું છે.

---

* જીવનવૃત્તનો કેટલોક ભાગ આદરણીય પં. શ્રી હિંમતલાલ જે. શાહનાં લખાણોમાંથી શબ્દશઃ લીધો છે.

આધ્યાત્મિક સત્પુરુષ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો પવિત્ર જન્મ સૌરાષ્ટ્રના ઉમરાળા ગામમાં વિ.સં. ૧૯૪૬, વૈશાખ સુદ બીજ ને રવિવારના શુભ દિને વહેલી સવારે થયો હતો. માતુશ્રીનું નામ ઉજમબા અને પિતાશ્રીનું નામ મોતીચંદભાઇ હતું. જ્ઞાતિએ દશા શ્રીમાળી વણિક અને ધર્મે સ્થાનકવાસી જૈન હતા. શિશુવયથી જ તેઓશ્રીના મુખ પર વૈરાગ્યની સૌમ્યતા અને આંખોમાં બુદ્ધિ ને વીર્યની પ્રતિભા તરી આવતી હતી. નિશાળમાં તેમ જ જૈનશાળામાં પ્રાયઃ પહેલો નંબર રાખતા હતા.

અગિયારેક વર્ષની ઉંમરે પોતે એક વાર જૈનશાળાનાં પગથિયાં ઉતરતા હતાં ત્યારે સંપ્રદાયના એક સાધુને વૈરાગ્યની મસ્ત ચાલથી જતા જોયા. જોતાં જ હોનહાર મહાપુરુષને હૃદયમાં સોંસરવટ ઘા પડી ગયો અને અંદરમાં થયું કે—‘અહા! કેવી વૈરાગ્યની ધૂન! નીચે નયણે કેવી મલપતી ચાલ! સાવ એકલા, કોઈ સાથ કે વળાવિયો નહિ! કેવી અબધૂત દશા!’ આમ બાળવયથી જ વૈરાગી મસ્ત જીવન પ્રત્યે તેમનું ચિત્ત અર્પાઈ જતું. નિશાળના લૌકિક જ્ઞાનથી તેમના ચિત્તને સંતોષ થતો નહિ; તેમને ઊંડે ઊંડે રહ્યા કરતું કે ‘જેની શોધમાં હું છું તે આ નથી’. કોઈ કોઈ વાર આ દુઃખ તીવ્રતા ધારણ કરતું; અને એક વાર તો, માતાથી વિખૂટા પડેલા બાળકની જેમ, તે બાળ–મહાત્મા સત્‌ના વિયોગે ખૂબ રડ્યા હતા.

નાની વયમાં જ માતાનો (વિ.સં. ૧૯૫૯માં) તેમજ પિતાનો (વિ.સં. ૧૯૬૩માં) વિયોગ થયો. પોતે પાલેજમાં

પિતાજીની દુકાનમાં જોડાયા. વેપારમાં તેમનું વર્તન પ્રમાણિક અને સરળ હતું. એક વાર વડોદરાની કોર્ટમાં જવું પડ્યું હતું. ત્યાં તેમણે અમલદાર સમક્ષ સત્ય ઘટના સ્પષ્ટતાથી જણાવી દીધી હતી. તેમના મુખ પર તરવરતી નિખાલસતા, નિર્દોષતા અને નિર્ભિકતાની અમલદાર પર છાપ પડી અને તેમણે કહેલી સર્વ હકીકત યથાર્થ છે એમ વિશ્વાસ આવવાથી તે સંપૂર્ણપણે માન્ય રાખી.

તેઓ કોઈ કોઈ વખત નાટક જોવા જતા; અતિશય આશ્ચર્યની વાત તો એ છે કે તેમને નાટકની શૃંગારિક અસર થવાને બદલે કોઈ વૈરાગ્યપ્રેરક દૃશ્યની ઊંડી અસર થતી અને તે કેટલાય દિવસો સુધી રહેતી. કોઈ કોઈ વખત તો નાટક જોઈને આવ્યા પછી આખી રાત વૈરાગ્યની ધૂન રહેતી. એક વાર નાટક જોયા પછી ધૂનમાં ‘શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ’ એ શબ્દોથી શરૂ થતું બાર કડીનું કાવ્ય તેમણે બનાવ્યું હતું. અહા! સાંસારિક રસનાં પ્રબળ નિમિત્તોને પણ મહાન આત્માઓ વૈરાગ્યનાં કેવાં નિમિત્ત બનાવે છે!

દુકાન ઉપર પણ તેઓ વૈરાગ્યપ્રેરક અને તત્ત્વબોધક ધાર્મિક પુસ્તકો વાંચતા હતા. તેમનું મન વેપારમય કે સંસારમય થયું નહોતું. તેમનો આત્મા અંદર જુદી જ શોધમાં હતો. તેમના અંતરનો ઝોક સદા ધર્મ ને સત્યની શોધ પ્રતિ જ હતો. તેમનો ધાર્મિક અભ્યાસ, ઉદાસીન જીવન અને સરળ અંતઃકરણ જોઈને સગાંસંબંધીઓ તેમને ‘ભગત’ કહેતા. સગપણનાં કહેણ આવતાં; ‘મારું વેવિશાળ કરવાનું

નથી, મારે જાવજીવ બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા છે, ને મારા ભાવ દીક્ષા લેવાના છે.' ખુશાલભાઈ તથા સગાંસંબંધીઓ દ્વારા ઘણું સમજાવવા છતાં તે મહાત્માના વૈરાગ્યભીના ચિત્તને સંસારમાં રહેવાનું પસંદ પડ્યું નહિ. યોગ્ય ગુરુ માટે ખૂબ શોધ કરી; સૌરાષ્ટ્ર, ગુજરાત ને રાજસ્થાનમાં ઘણા સાધુઓને મળ્યા, પણ ક્યાંય મન ઠર્યું નહિ. છેવટે બોટાદ સંપ્રદાયના શ્રી હિરાચંદજી મહારાજના હાથે દીક્ષા લેવાનું નક્કી થયું. વિ.સં. ૧૯૭૦ના માગશર સુદ ૯ને રવિવારના દિવસે ઉમરાળામાં મોટી ધામધૂમથી દીક્ષામહોત્સવ થયો.

દીક્ષા લઈને તુરત જ મહારાજશ્રીએ શ્વેતામ્બર આગમોનો સખત અભ્યાસ કરવા માંડ્યો. ચારેક વર્ષમાં પિસ્તાળીસ આગમો, લાખો શ્લોકોની ટીકા સહિત, વિચારપૂર્વક વાંચી ગયા. તેઓ સંપ્રદાયની રીત પ્રમાણે ચારિત્ર કડક પાળતા. થોડા જ વખતમાં તેમના આત્માર્થીપણાની, જ્ઞાનપિપાસાની ને ઉગ્ર ચારિત્રની સુવાસ સ્થાનકવાસી સંપ્રદાયમાં ખૂબ ફેલાઈ ગઈ હતી.

મહારાજશ્રી પ્રથમથી જ તીવ્ર પુરુષાર્થી હતા. પુરુષાર્થ એ જ એમનો જીવનમંત્ર હતો. કેવળી ભગવાને જોયું હશે ત્યારે મોક્ષ થશે'—એમ કાળલબ્ધિ ને ભવિતવ્યતાની પુરુષાર્થહીનતાભરી વાતો કોઈ કરે તો તેઓ તે સાંખી શકતા નહિ અને દૃઢપણે કહેતા કે 'જે પુરુષાર્થી છે તેને અનંત ભવો હોય જ નહિ. કેવળીએ પણ તેના અનંત ભવ દીઠા જ નથી. પુરુષાર્થીને ભવસ્થિતિ આદિ કાંઈ નડતું નથી'.

દીક્ષાપર્યાય દરમ્યાન તેમણે શ્વેતાબર શાસ્ત્રોનો ખૂબ મનનપૂર્વક અભ્યાસ કર્યો. લાખ શ્લોકપ્રમાણ ટીકાયુક્ત ભગવતીસૂત્ર તેઓશ્રીએ ૧૭ વાર વાંચ્યું હતું. દરેક કાર્ય કરતાં તેમનું લક્ષ સત્યની શોધ પ્રતિ જ રહેતું. છતાં જેની શોધમાં તેઓ હતા તે તેમને હજુ મળ્યું નહોતું; અથકપણે ઉલ્લસિત વીર્યથી શોધવૃત્તિ ચાલુ જ હતી; ત્યાં—

વિ.સં. ૧૯૭૮માં વિધિની કોઈ ધન્ય પળે શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર નામનો મહાન ગ્રંથ મહારાજશ્રીના કરકમળમાં આવ્યો. તે વાંચતાં જ તેમના હર્ષનો પાર ન રહ્યો. જેની શોધમાં તેઓ હતા તે તેમને મળી ગયું. સમયસારમાં મહારાજશ્રીના અંતરનયને અમૃતના સરોવર છલકાતાં જોયાં; એક પછી એક ગાથા વાંચતાં તેમણે ઘૂંટડા ભરી ભરીને અમૃત પીધું. ગ્રંથાધિરાજ સમયસારે મહારાજશ્રી પર અપૂર્વ, અલૌકિક, અનુપમ ઉપકાર કર્યો અને તેમના આત્માનંદનો પાર ન રહ્યો. મહારાજશ્રીના અંતર્જીવનમાં પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિ નિજ ઘર તરફ વળી—ઉપયોગનો પ્રવાહ સુધાસિંધુ જ્ઞાયકદેવ તરફ વળ્યો. તેમની જ્ઞાનકળા અપૂર્વ રીતે ખીલી ઊઠી.

વિ.સં. ૧૯૯૧ સુધી સ્થાનકવાસી સંપ્રદાયમાં રહી મહારાજશ્રીએ સૌરાષ્ટ્રનાં અનેક પ્રમુખ શહરોમાં ચાતુર્માસ કર્યાં અને શેષકાળમાં સેંકડો નાનાંમોટાં ગામોને પાવન કર્યાં. હજારો શ્રોતાઓને તેમના ઉપદેશ પ્રત્યે બહુમાન પ્રગટ્યું. ક્રિયાકાંડમાં લુપ્ત થયેલા અધ્યાત્મધર્મનો ઉદ્યોત

ઘણો થયો. તેમનાં પ્રવચનમાં એવા અલૌકિક આધ્યાત્મિક ન્યાયો આવતા કે બીજે ક્યાંય સાંભળવા ન મળ્યા હોય. ‘જે ભાવે તીર્થંકરનામકર્મ બંધાય તે ભાવ પણ હેય છે....શરીરમાં રોમે રોમે તીવ્ર રોગ થાય તે દુ:ખ જ નથી, દુ:ખનું સ્વરૂપ જુદું છે...વ્યાખ્યાન સાંભળી ઘણા જીવો બૂઝે તો મને ઘણો લાભ થાય એમ માનનાર વ્યાખ્યાતા મિથ્યાદૃષ્ટિ છે....આ દુ:ખમાં સમતા નહિ રાખું તો કર્મ બંધાશે—એવા ભાવે સમતા રાખવી તે પણ મોક્ષમાર્ગ નથી....પાંચ મહાવ્રત પણ માત્ર પુણ્યબંધનાં કારણ છે’ આવા હજારો અપૂર્વ ન્યાયો વ્યાખ્યાનમાં અત્યંત સ્પષ્ટ રીતે લોકોને સમજાવતા. પ્રત્યેક પ્રવચનમાં તેઓ કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શન પર અત્યંત અત્યંત ભાર મૂકતા. તેઓશ્રી કહેતા : ‘‘શરીરનાં ચામડાં ઊતરડીને ખાર છાંટનાર ઉપર પણ ક્રોધ ન કર્યો—એવાં વ્યવહારચારિત્રો આ જીવે અનંતવાર પાળ્યાં છે, પણ સમ્યગ્દર્શન એક વાર પણ પ્રાપ્ત કર્યું નથી...લાખો જીવોની હિંસાના પાપ કરતાં મિથ્યાદર્શનનું પાપ અનંતગણું છે....સમકિત સહેલું નથી, લાખો કરોડોમાં કોઈક વિરલ જીવને જ તે હોય છે. સમકિતી જીવ પોતાનો નિર્ણય પોતે જ કરી શકે છે. સમકિતી આખા બ્રહ્માંડના ભાવોને પી ગયો હોય છે. સમકિત એ કોઈ જુદી જ વસ્તુ છે. સમકિત વિનાની ક્રિયાઓ એકડા વિનાનાં મીંડાં છે...સમકિતનું સ્વરૂપ ઘણું જ સૂક્ષ્મ છે...હીરાની કિંમત હજારો રૂપિયા હોય છે, તેના પાસા પડતાં ખરેલી રજની કિંમત પણ સેંકડો રૂપિયા હોય છે; તેમ સમકિત-હીરાની

કિંમત તો અમૂલ્ય છે, તે મળ્યો તો તો કલ્યાણ થઈ જશે પણ તે ન મળ્યો તોપણ 'સમકિત એ કાંઈક જુદી જ વસ્તુ છે'—એમ તેનું માહાત્મ્ય સમજાઈ તે મેળવવાની તાલાવેલીરૂપ રજો પણ ઘણો લાભ આપે છે....જાણપણું તે જ્ઞાન નથી; સમકિત સહિત જાણપણું તે જ જ્ઞાન છે. અગિયાર અંગ કંઠાગ્રે હોય પણ સમકિત ન હોય તો તે અજ્ઞાન છે....આજકાલ તો સૌ પોતપોતાના ઘરનું સમકિત માની બેઠા છે. સમકિતીને તો મોક્ષના અનંત અતીન્દ્રિય સુખની વાનગી પ્રાપ્ત થઈ હોય છે. તે વાનગી મોક્ષના સુખના અનંતમા ભાગે હોવા છતાં અનંત છે.'' આ રીતે સમ્યગ્દર્શનનું અદ્‌ભુત માહાત્મ્ય અનેક સમ્યક યુક્તિઓથી, અનેક પ્રમાણોથી અને અનેક સચોટ દૃષ્ટાંતોથી તેઓશ્રી લોકોને ઠસાવતા. તેમનો પ્રિય અને મુખ્ય વિષય સમ્યગ્દર્શન હતો અને સંપ્રદાયમાં હતા ત્યારથી જ તેનું સ્પષ્ટ રીતે પ્રતિપાદન કરતા હતા. પહેલાં સાચી સમજણ કરવાની ખાસ જરૂર છે એમ તેઓ ભાર દઈને પહેલેથી જ કહેતા અને પ્રવચનના આરંભમાં એક ગાથા બોલતા—'संबुज्जह जंतवो....' અર્થાત્ હે જીવો! તમે સમ્યક પ્રકારે બુઝો! એટલે કે સમજો....સમજો!! આમ મૂળથી જ તેઓ સાચી સમજણ કરવાનો ઉપદેશ આપતા હતા.

જૈનધર્મ પર તેમની અનન્ય શ્રદ્ધા, આખું જગત ન માને તોપણ પોતાની માન્યતામાં પોતે એકલા ટકી રહેવાની તેમની અજબ દૃઢતા અને અનુભવના જોરપૂર્વક નીકળતી તેમની ન્યાયસંગત વાણી ભલભલા નાસ્તિકોને વિચારમાં

નાખી દેતી અને ઘણાને આસ્તિક બનાવી દેતી. તેમનો સિંહનાદ પાત્ર જીવોનાં હૃદયના ઊંડાણને સ્પર્શી તેમના આત્મિક વીર્યને ઉછાળતો. અહા! સત્ય ને અનુભવના જોરે આખા જગતના અભિપ્રાયો સામે ઝૂઝતા એ અધ્યાત્મયોગીની ગર્જના જેમણે સાંભળી હશે તેમના કાનમાં તેનો રણકાર હજુ ગૂંજતો હશે! થોડા જ વર્ષોમાં તેમનાં પ્રખર જ્ઞાન, કડક ચારિત્ર અને પ્રવચન કૌશલ્યની સુવાસ એટલી બધી ફેલાઈ ગઈ કે સ્થાનકવાસી જૈન સમાજ તેમને સાધુ તરીકે 'કાઠિયાવાડના કોહિનૂર'—એ નામથી બિરદાવતો થયો.

લઘુ વયથી જ ગુરુદેવનું વૈરાગી, ચિંતનપૂર્ણ, બુદ્ધિપ્રતિભાયુક્ત, ધ્યેયલક્ષી ભક્તજીવન હતું. બાળ-બ્રહ્મચારીપણે દીક્ષિત થઈ ઉચ્ચતમ કોટિના સ્થાનકવાસી સાધુ તરીકે વિચરતાં, 'ભવભ્રમણનો અંત લાવવાનો સાચો ઉપાય શો?', 'દ્રવ્યસંયમસે ગ્રીવેક પાયો, ફિર પીછો પટક્યો, ત્યાં શું કરવું બાકી રહ્યું? એ વિષે ઊંડું મંથન ને અભ્યાસ કરીને એમણે શોધી કાઢ્યું કે—માર્ગ કોઈ જુદો જ છે; હાલમાં તો ઊંધેથી જ શરૂઆત કરવામાં આવે છે, ક્રિયાકાંડ મોક્ષમાર્ગ નથી, પરંતુ પારમાર્થિક આત્મા તથા સમ્યગ્દર્શન વગેરેનું સ્વરૂપ નક્કી કરી સ્વાનુભવ કરવો તે માર્ગ છે; અનુભવમાં વિશેષ લીનતા તે શ્રાવકમાર્ગ છે અને તેનાથી પણ વિશેષ સ્વરૂપરમણતા તે મુનિમાર્ગ છે. સાથે વર્તતાં બાહ્ય વ્રત-નિયમો તો અધૂરાશની-કચાશની પ્રગટતા છે. મોક્ષમાર્ગની મૂળ વાતમાં આટલો બધો ફેર પડી ગયો

છે એમ ગુરુદેવે અંદરથી શોધી કાઢ્યું.

સમયસારપ્રરૂપિત વાસ્તવિક વસ્તુસ્વભાવ અને વાસ્તવિક નિર્ગ્રંથમાર્ગ ઘણા વખતથી અંદરમાં સત્ય લાગતો હતો અને બહારમાં વેષ તથા આચાર જુદા હતા,—એ વિષમ સ્થિતિ તેમને ખટકતી હતી; તેથી તેઓશ્રીએ સોનગઢમાં યોગ્ય સમયે—વિ.સં. ૧૯૯૧ના ચૈત્ર સુદ ૧૩ (મહાવીર-જયંતી)ને મંગળવારના દિને—'પરિવર્તન' કર્યું, સ્થાનકવાસી સંપ્રદાયનો ત્યાગ કર્યો. સંપ્રદાય ત્યાગનારાઓને કેવી કેવી અનેક મહાવિપત્તિઓ પડે છે, તેમના પર કેવી અઘટિત નિંદાઓની ઝડીઓ વરસે છે, તે બધું તેમના ખ્યાલમાં હતું, પણ તે નીડર ને નિસ્પૃહ મહાત્માએ તેની કાંઈ પરવા કરી નહિ. સત્ પ્રત્યેની પરમ ભક્તિમાં સર્વ પ્રકારની પ્રતિકૂળતાનો ભય ને અનુકૂળતાનો રાગ અત્યંત ગૌણ થઈ ગયા. જગતથી તદ્દન નિરપેક્ષપણે હજારોની માનવમેદનીમાં ગર્જતો સિંહ સત્‌ને ખાતર સોનગઢના એકાંત સ્થળમાં જઈને બેઠો.

'પરિવર્તન'થી સ્થાનકવાસી સંપ્રદાયમાં ઘણો ખળભળાટ થયો, વિરોધ થયો. પરંતુ મહારાજશ્રી કાઠિયાવાડના સ્થાનકવાસી જૈનોના હૃદયમાં પેસી ગયા હતા. તેમની પાછળ કાઠિયાવાડ ઘેલું બન્યું હતું. તેથી 'મહારાજશ્રીએ જે કર્યું હશે તે સમજીને જ કર્યું હશે; એમ વિચારીને ધીમે ધીમે લોકોનો પ્રવાહ સોનગઢ તરફ વહેવા લાગ્યો. સાંપ્રદાયિક મોહ અત્યંત દુર્નિવાર હોવા છતાં, સત્‌ના અર્થી જીવોની સંખ્યા ત્રણે કાળે અત્યંત અલ્પ હોવા

છતાં, સાંપ્રદાયિક વ્યામોહ તેમજ લૌકિક ભયને છોડીને સોનગઢ તરફ વહેતાં સત્સંગાર્થી જનોનાં પૂર દિન-પ્રતિદિન વેગપૂર્વક વધતાં જ ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કહેતા : જૈનધર્મ એ કોઈ સંપ્રદાય નથી, એ તો વસ્તુસ્વભાવ-આત્મધર્મ છે. તેનો કોઈ અન્ય ધર્મ સાથે મેળ છે જ નહિ. તેનો અન્ય ધર્મ સાથે સમન્વય કરવો તે રેશમ ને કંતાનના સમન્વય જેવો વ્યર્થ છે. દિગંબર જૈનધર્મ તે જ વાસ્તવિક જૈનધર્મ છે અને આંતરિક તેમ જ બાહ્ય દિગંબરતા વિના કોઈ જીવ મુનિપણું કે મુક્તિ પામી શકે નહિ એમ તેમની દૃઢ માન્યતા હતી.

ગુરુદેવ સંપ્રદાયમાં હતા ત્યારથી જ પ્રત્યેક દ્રવ્યની સ્વતંત્રતાની શ્રદ્ધા તેમના અંતરમાં વણાઈ ગઈ હતી. હું એક સ્વતંત્ર પદાર્થ છું, મને કર્મ રોકી શકે નહિ—એમ તેઓ વારંવાર ફરમાવતા. તે વિશેષ સ્પષ્ટતાથી સમજવા માટે જામનગરમાં ચાતુર્માસ દરમ્યાન આત્માર્થી શ્રી હિંમતલાલભાઈ જે. શાહે પ્રશ્ન પૂછ્યો :—'મહારાજ! બે જીવોને ૧૪૮ કર્મપ્રકારો સંબંધી સર્વ ભેદપ્રભેદોનાં પ્રાકૃત-પ્રદેશ-સ્થિતિ-અનુભાગ બધુંય બરાબર એક સરખું હોય તો તે જીવો ઉત્તરવર્તી ક્ષણે સરખા ભાવ કરે કે ભિન્નભિન્ન પ્રકારના?' ગુરુદેવે કહ્યું : 'ભિન્નભિન્ન પ્રકારના'. પુનઃ પ્રશ્ન થયો : 'બન્ને જીવોની શક્તિ તો પૂરી છે અને આવરણ બરાબર સરખાં છે, તો પછી ભાવ ભિન્નભિન્ન પ્રકારના કેમ કરી શકે?' ગુરુદેવે તરત જ દૃઢતાથી ઉત્તર આપ્યો : 'અકારણ પારિણામિક દ્રવ્ય છે'; અર્થાત્ જીવ જેનું કોઈ કારણ નથી

એવા ભાવે સ્વતંત્રપણે પરિણમતું દ્રવ્ય છે, તેથી તેને પોતાના ભાવ સ્વાધીનપણે કરવામાં ખરેખર કોણ રોકી શકે? તે સ્વતંત્રપણે પોતાનું બધું કરી શકે છે. સ્વાધીનતાનું કેવું સુંદર સ્પષ્ટીકરણ!

પરમ પૂજ્ય ગુરુદેવના ઉપદેશમાં મુખ્ય વજન સમજણ પર હતું. 'તમે સમજો; સમજ્યા વિના બધું નકામું છે' એમ તેઓશ્રી વારંવાર કહેતા. 'કોઈ આત્મા—જ્ઞાની કે અજ્ઞાની–એક રજકણને પણ હલાવવાનું સામર્થ્ય ધરાવતો નથી, તો પછી દેહાદિની ક્રિયા આત્માના હાથમાં ક્યાંથી હોય? જ્ઞાની ને અજ્ઞાનીમાં પ્રકાશ–અંધકાર જેવો મહાન તફાવત છે, અને તે એ કે અજ્ઞાની પરદ્રવ્યનો તથા રાગદ્વેષનો–શુભાશુભ ભાવનો—કર્તા થાય છે અને જ્ઞાની પોતાને શુદ્ધ અનુભવતો થકો તેમનો કર્તા થતો નથી. તે કર્તૃત્વબુદ્ધિ છોડવાનો મહા પુરુષાર્થ દરેક જીવે કરવાનો છે. તે કર્તૃત્વબુદ્ધિ જ્ઞાન વિના છૂટશે નહિ. માટે તમે જ્ઞાન કરો.—આ તેઓશ્રીના ઉપદેશનો પ્રધાન સૂર હતો.

પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના જ્ઞાનને સમ્યક્પણાની મહોર તો ઘણા વખતથી પડી હતી. તે સુધાસ્યંદી સમ્યગ્જ્ઞાન સોનગઢના વિશેષ નિવૃત્તિવાળા સ્થળમાં અદ્ભુત સૂક્ષ્મતાને પામ્યું; નવી નવી જ્ઞાનકળા ખૂબ ખીલી. અમૃતકળશમાં જેમ અમૃત ઘોળાતાં હોય તેમ ગુરુદેવના પરમ પવિત્ર અમૃતકળશસ્વરૂપ આત્મામાં તીર્થંકરદેવનાં વચનામૃતો ખૂબ ઘોળાયાં–ઘૂંટાયાં. એ અંદર ઘૂંટાયેલાં અમૃત કૃપાળુ ગુરુદેવ હજારો મુમુક્ષુઓને પ્રવચનમાં પીરસતા ને ન્યાલ કરતા.

સમયસાર, પ્રવચનસાર, નિયમસાર વગેરે શાસ્ત્રો પર પ્રવચન આપતાં ગુરુદેવના શબ્દે શબ્દે ઘણી ગહનતા, સૂક્ષ્મતા અને નવીનતા નીકળતી, જેથી શ્રોતાઓ શાસ્ત્રના મર્મ સુગમતાથી સમજી શકતા. જે અનંત જ્ઞાન ને આનંદમય પૂર્ણ દશા પ્રાપ્ત કરીને તીર્થંકરદેવે દિવ્યધ્વનિ દ્વારા વસ્તુસ્વરૂપ નિરૂપ્યું, તે પરમ પવિત્રદશાનો સુધાસ્યંદી સ્વાનુભૂતિસ્વરૂપ પવિત્ર અંશ પોતાના આત્મામાં પ્રગટ કરીને સદ્ગુરુદેવે પોતાની વિકસિત જ્ઞાનપર્યાય દ્વારા શાસ્ત્રમાં રહેલાં ગૂઢ રહસ્યો સમજાવીને મુમુક્ષુઓ પર મહાન મહાન ઉપકાર કર્યો છે. ગુરુદેવની વાણી સાંભળી સેંકડો શાસ્ત્રોના અભ્યાસી વિદ્વાનો પણ આશ્ચર્યચકિત થઈ જતા અને ઉલ્લાસમાં આવીને કહેતા : 'ગુરુદેવ! આપનાં પ્રવચન અપૂર્વ છે; તેનું શ્રવણ કરતાં અમને તૃપ્તિ જ થતી નથી. આપ ગમે તે વાત સમજાવો તેમાંથી અમને નવું નવું જ જાણવાનું મળે છે. નવ તત્ત્વનું સ્વરૂપ કે ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યનું સ્વરૂપ, સ્યાદ્વાદનું સ્વરૂપ કે સમ્યક્ત્વનું સ્વરૂપ, નિશ્ચય–વ્યવહારનું સ્વરૂપ કે વ્રતતપનિયમનું સ્વરૂપ, ઉપાદાન–નિમિત્તનું સ્વરૂપ કે સાધ્ય સાધનનું સ્વરૂપ, દ્રવ્યાનુયોગનું સ્વરૂપ કે ચરણાનુયોગનું સ્વરૂપ, ગુણસ્થાનનું સ્વરૂપ કે બાધક–સાધકભાવનું સ્વરૂપ, મુનિદશાનું સ્વરૂપ કે કેવળજ્ઞાનનું સ્વરૂપ—જે જે વિષયનું સ્પષ્ટીકરણ આપના મુખે અમે સાંભળીએ છીએ તેમાં અમને અપૂર્વ ભાવો દૃષ્ટિગોચર થાય છે. આપના શબ્દે શબ્દે વીતરાગદેવનું હૃદય પ્રગટ થાય છે.'

પૂજ્ય ગુરુદેવની પ્રવચનશૈલી પણ અદ્‌ભુત હતી. કઠિન ગણાતા અધ્યાત્મવિષયને પણ ખૂબ સ્પષ્ટતાથી, અનેક સાદા દાખલાઓ આપી, શાસ્ત્રીય શબ્દોનો બહુ જૂજ પ્રયોગ કરીને ઘરગથ્થુ ભાષામાં સમજાવતા, કે જેથી ઓછું ભણેલો સામાન્ય મનુષ્ય પણ સહેલાઈથી સમજી જાય. ગુરુદેવ પ્રવચન કરતાં કરતાં અધ્યાત્મમાં એવા મગ્ન થઈ જતા, પરમાત્મદશા પ્રત્યેની અગાધ ભક્તિ તેમના મુખારવિંદ પર એવી તરતી, કે શ્રોતાઓને પણ તેની અસર થતી. અધ્યાત્મની જીવંતમૂર્તિ ગુરુદેવના દેહના અણુએ અણુમાંથી જાણે અધ્યાત્મરસ નીતરતો હોય એવી ચમત્કારભરી તેમની પ્રતિભા હતી. પૂજ્ય ગુરુદેવનું પ્રવચન સાંભળનારને એટલું તો સ્પષ્ટ લાગતું કે 'આ પુરુષ કોઈ જુદી જાતનો છે; જગતથી એ કાંઈક જુદું જ કહે છે, અપૂર્વ કહે છે; એના કથન પાછળ કોઈ અજબ દ્રઢતા ને જોર છે. આવું બીજે ક્યાંય સાંભળ્યું નથી.' અહા! આ કળિકાળમાં, અંદરમાં આવું અલૌકિક પવિત્ર પરિણમન—કેવળજ્ઞાનનો અંશ અને બહારમાં આવો પ્રબળ પ્રભાવના ઉદય—તીર્થંકરત્વનો અંશ, એ બેનો સુયોગ જોઈને મુમુક્ષુઓનાં હૃદયો નાચી ઊઠતાં.

અહો! એ પરમ પ્રભાવક અધ્યાત્મમૂર્તિ ગુરુદેવની મોહવિનાશિની વજ્રવાણીની તો શી વાત, તેમનાં દર્શન પણ મહાપુણ્યના થોક ઊછળે ત્યારે પ્રાપ્ત થાય! એ અધ્યાત્મમસ્ત મહાપુરુષની સમીપમાં સંસારનાં આધિ-વ્યાધિ-ઉપાધિ ફરકી શકતાં નહોતાં. સંસારતપ્ત પ્રાણીઓને તેમના પવિત્ર સમાગમમાં પરમ વિશ્રાંતિ મળતી. જે વૃત્તિઓ મહા પ્રયત્ને

પણ દબાતી નથી તે પૂજ્ય ગુરુદેવના સાન્નિધ્યમાં આપોઆપ શમી જાય છે—એવો અનુભવ ઘણા મુમુક્ષુઓને થતો. આત્માનું નિવૃત્તિમય સ્વરૂપ, મોક્ષનું સુખ વગેરે આધ્યાત્મિક ભાવોની જે શ્રદ્ધા અનેક દલીલોથી થતી નથી તે ગુરુદેવનાં દર્શન તથા સમાગમે સહજમાત્રમાં થઈ જતી. એ રીતે પૂજ્ય ગુરુદેવનાં સ્વાનુભવરસઝરતાં પવિત્ર જ્ઞાન ને ચારિત્રે મુમુક્ષુઓ પર મહાકલ્યાણકારી અનુપમ ઉપકાર કર્યો છે.

સનાતન સત્ય વીતરાગ દિગંબર જૈનમાર્ગ અંગીકૃત કર્યા પછીનાં વર્ષોમાં શાસનપ્રભાવક પૂજ્ય ગુરુદેવશ્રીના જીવનવૃત્તાંત સાથે સંબંધ રાખનારા, મુમુક્ષુઓને ઉપકારભૂત થાય એવા પ્રભાવનાના અનેક સુયોગ બની ગયા.

વિ.સં. ૧૯૯૩ના ચૈત્ર સુદ આઠમના દિને પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને આત્મધ્યાનમયી વિમળ અનુભૂતિમાંથી ઉપયોગ બહાર આવતાં, ઉપયોગની સ્વચ્છતામાં ભવાંતરો સંબંધી સહજ સ્પષ્ટ જાતિસ્મરણજ્ઞાન થયું. પૂજ્ય ગુરુદેવશ્રીને અનેક વર્ષોથી પોતાના ભૂત-ભવિષ્ય ભવ સાથે સંબંધવાળો જે અસ્પષ્ટ ‘ભાસ’ આવતો હતો તેનો સ્પષ્ટ ઉકેલ બહેનશ્રીના જાતિસ્મરણજ્ઞાન દ્વારા મળવાથી તેઓશ્રીના મનોમંદિરમાં એક પ્રકારનું અજવાળું થયું અને તેઓશ્રીની ધર્મવૃત્તિને એક અસાધારણ નૂતન બળ મળ્યું. બહેનશ્રીના જાતિસ્મરણજ્ઞાનની હકીકતો આત્માર્થીઓને ઉપકારક થાય એવી લાગવાથી પૂજ્ય ગુરુદેવ, તેની કેટલીક વિગતો, ધીમે ધીમે મુમુક્ષુઓ સમક્ષ અત્યંત ધર્મોલ્લાસપૂર્વક

મૂકવા લાગ્યા હતા, જે સાંભળી આત્માર્થીઓ અત્યંત આહ્‌લાદિત થતા અને તેમના શ્રદ્ધાજીવનમાં, ભક્તિજીવનમાં તથા 'આ અલ્પાયુષી મનુષ્યપર્યાયમાં નિજ કલ્યાણ અવશ્ય કરી લેવા યોગ્ય છે' એવા ઉદ્યમજીવનમાં નવી ચમક આવતી.

'પરિવર્તન' જ્યાં થયું હતું તે મકાન નાનું હતું. તેથી ભક્તોએ સં. ૧૯૯૪માં પ્રવચન માટે તથા પૂ. ગુરુદેવને રહેવા માટે એક મકાન બંધાવ્યું અને તેનું નામ 'શ્રી જૈન સ્વાધ્યાયમંદિર' રાખ્યું. પરમ પૂજ્ય અધ્યાત્મ-યોગી ગુરુદેવને સમયસાર પરમાગમ પ્રત્યે અતિશય ભક્તિના લીધે, સ્વાધ્યાયમંદિરમાં તેના ઉદ્‌ઘાટનના દિવસે—વૈશાખ વદ-૮ ને રવિવારના રોજ—પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના પવિત્ર કરકમળે શ્રી સમયસાર પરમાગમની મંગલ પ્રતિષ્ઠા કરવામાં આવી. સમયસાર સર્વોત્તમ શાસ્ત્ર છે—એમ ગુરુદેવ વારંવાર કહેતા. સમયસારની વાત કરતાં પણ તેમને અતિ ઉલ્લાસ આવી જતો. સમયસારની પ્રત્યેક ગાથા મોક્ષ આપે એવી છે એમ તેઓશ્રી કહેતા. ભગવાન કુંદકુંદાચાર્યદેવનાં બધા શાસ્ત્રો પર તેમને અત્યંત પ્રેમ હતો. 'ભગવાન કુંદકુંદાચાર્યદેવનો અમારા પર ઘણો ઉપકાર છે, અમે તેમના દાસાનુદાસ છીએ'—એમ તેઓશ્રી ઘણી વાર ભક્તિભીના અંતરથી કહેતા. ભગવાન કુંદકુંદાચાર્યદેવ મહાવિદેહક્ષેત્રમાં સર્વજ્ઞવીતરાગ શ્રી સીમંધરભગવાનના સમવસરણમાં ગયા હતા અને ત્યાં આઠ દિવસ રહ્યા હતા.

તે વિષે પૂજ્ય ગુરુદેવને અણુમાત્ર પણ શંકા નહોતી. શ્રી કુંદકુંદાચાર્યદેવના વિદેહગમન વિષે તેઓ અત્યંત દ્રઢતાપૂર્વક ઘણીવાર ભક્તિભીના હ્રદયથી પોકાર કરીને કહેતા કે— 'કલ્પના કરશો નહિ, ના કહેશો નહિ, એ વાત એમ જ છે; માનો તોપણ એમ જ છે, ન માનો તોપણ એમ જ છે; યથાતથ્ય વાત છે, અક્ષરશઃ સત્ય છે, પ્રમાણસિદ્ધ છે.' શ્રી સીમંધરપ્રભુ પ્રત્યે ગુરુદેવને અતિશય ભક્તિભાવ હતો. કોઈ કોઈ વખત સીમંધરનાથના વિરહે પરમ ભક્તિવંત ગુરુદેવનાં નેત્રોમાંથી અશ્રુની ધારા વહી જતી.

વિ.સં. ૧૯૯૫માં પોષ વદ ૧૩ના દિને ગુરુદેવે ૨૦૦ મુમુક્ષુઓના સંઘ સહિત શત્રુંજય સિદ્ધક્ષેત્રની પાવન યાત્રા અતિ ઉત્સાહ ને ભક્તિપૂર્વક કરી. તે જ વર્ષે ફાગણ વદ ૧ના રોજ સ્વાધ્યાયમંદિરમાં ભગવાનની દિવ્યધ્વનિ 'ૐ'ના શિલાપટ્ટની સ્થાપના કરવામાં આવી હતી. ત્યાર બાદ રાજકોટના મુમુક્ષુઓના અતિ આગ્રહને લીધે તે જ વર્ષે ચાતુર્માસ કરવા માટે રાજકોટ પધાર્યા. ત્યાં આનંદકુંજમાં દસ માસ સુધી રહી, સમયસાર, આત્મસિદ્ધિ અને પદ્મનંદિપંચવિંશતિકા પર અપૂર્વ પ્રવચનો આપ્યાં. પૂજ્ય ગુરુદેવના નિર્મળ નિતનવા જ્ઞાનપર્યાયોમાંથી સહજ સ્ફુરતા જડ–ચેતનની વહેંચણીના, નિશ્ચય–વ્યવહારની સંધિના તેમજ બીજા અનેક આધ્યાત્મિક ન્યાયો સાંભળી રાજકોટના હજારો લોકો પાવન થયા. ત્યાં નિશદિન આધ્યાત્મિક આનંદનું સુંદર વાતાવરણ ગુંજી ઊઠ્યું.

રાજકોટથી સોનગઢ પાછા પધારતી વખતે પૂજ્ય

ગુરુદેવે ૩૦૦ ભક્તો સાથે, બાવીશમા તીર્થંકર શ્રી નેમિનાથ પ્રભુનાં દીક્ષા, કેવળ ને નિર્વાણ—ત્રણ કલ્યાણકોથી પાવન થયેલા ગિરિરાજ ગિરનારતીર્થની અત્યંત ભક્તિ તથા ઉલ્લાસ સહ યાત્રા કરી. પહેલી ટૂંકે દિગંબર મંદિરમાં તેમ જ દીક્ષાકલ્યાણકધામ સહસ્રામ્રવનમાં જામેલી ભક્તિની ધૂન તથા નિર્વાણસ્થળ પાંચમી ટૂંકે પૂજ્ય ગુરુદેવ પરમ અધ્યાત્મરસમાં તરબોળ બની 'હું એક, શુદ્ધ સદા અરૂપી જ્ઞાનદર્શનમય ખરે;' વગેરે પદો ગવરાવતા હતા તે વખતે પ્રસરી ગયેલું ભક્તિભીનું શાંત આધ્યાત્મિક વાતાવરણ—એ બધાનાં પવિત્ર સંસ્મરણો તો ભક્તોના સ્મરણપટ પર કોતરાઈ ગયાં છે.

વિહાર દરમ્યાન રસ્તામાં આવતાં અનેક નાનાં-મોટાં ગામોમાં પૂજ્ય ગુરુદેવ વીતરાગ સદ્ધર્મનો ડંકો વગાડતા ગયા. લોકોને ગુરુદેવ પ્રત્યે ભક્તિ ઊછળી પડતી, ભવ્ય સ્વાગત થતાં અને હજારોની સંખ્યામાં પ્રવચનસભા ઊભરાઈ જતી. ગુરુદેવનો પ્રભાવના ઉદય જોઈ, તીર્થંકર ભગવાન તથા સમર્થ આચાર્ય ભગવંતો વિચરતા હશે તે વખતે ધર્મનું, ભક્તિનું ને અધ્યાત્મનું કેવું વાતાવરણ ફેલાઈ રહેતું હશે તેનો તાદૃશ ચિતાર કલ્પનાચક્ષુ સમક્ષ ખડો થતો.

વિ.સં. ૧૯૯૬ના વૈશાખ માસમાં પૂજ્ય ગુરુદેવ વિહાર પૂર્ણ કરી સોનગઢ પધાર્યા. ત્યાર પછી તુરત જ શ્રી નાનાલાલભાઈ જસાણી તથા તેમના ભાઈઓએ શ્રી સીમંધરભગવાનનું જિનમંદિર બંધાવવા માંડ્યું, જેમાં શ્રી સીમંધરસ્વામી વગેરે જિનભગવંતોનાં વીતરાગભાવવાહી પ્રતિમાઓની પંચકલ્યાણક વિધિપુરસ્સર મંગલ પ્રતિષ્ઠા વિ.સં.

૧૯૯૭ના ફાગણ સુદ બીજના શુભ દિને થઈ. પ્રતિષ્ઠા મહોત્સવના આઠે દિવસ પૂજ્ય ગુરુદેવના મુખારવિંદમાંથી ભક્તિરસભીની અલૌકિક વાણી છૂટતી હતી. વિખૂટા પડેલા સીમંધરભગવાનનો (ભલે સ્થાપના–અપેક્ષાએ પણ) ભેટો થવાથી પૂજ્ય ગુરુદેવને કોઈ અદ્‌ભુત આનંદોલ્લાસ હતો. પ્રતિષ્ઠા પહેલાં શ્રી સીમંધરભગવાનની પ્રતિમાના પ્રથમ દર્શને પૂજ્ય ગુરુદેવની આંખોમાંથી વિરહવેદનનાં આંસુ વહ્યાં હતાં. સીમંધરભગવાન મંદિરમાં પ્રથમ પધાર્યા ત્યારે ગુરુદેવને ભક્તિરસની ખુમારી ચડી ગઈ અને આખો દેહ ભક્તિરસના મૂર્ત સ્વરૂપ જેવો શાંત શાંત ભાસવા લાગ્યો. ગુરુદેવથી સાષ્ટાંગ પ્રણમન થઈ ગયું અને ભક્તિરસમાં અત્યંત એકાગ્રતાને લીધે દેહ એમ ને એમ થોડી ક્ષણો સુધી નિશ્ચેષ્ટપણે પડી રહ્યો. ભક્તિનું આ અદ્‌ભુત પાવન દૃશ્ય પાસે ઊભેલા મુમુક્ષુઓથી જીરવી શકાતું નહોતું; તેમના નેત્રોમાં અશ્રુ ઊભરાયાં અને ચિત્તમાં ભક્તિ ઊભરાઈ. પૂજ્ય ગુરુદેવે પોતાના પવિત્ર હસ્તે પ્રતિષ્ઠા પણ ભક્તિભાવમાં જાણે દેહનું ભાન ભૂલી ગયા હોય એવા અપૂર્વભાવે કરી હતી.

બપોરના પ્રવચન પછી પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં આ જિનમંદિર મધ્યે દરરોજ પોણો કલાક ભક્તિ થતી. પ્રવચન સાંભળતાં આત્માના સૂક્ષ્મ સ્વરૂપના પ્રણેતા વીતરાગ જિનેન્દ્ર ભગવંતનું માહાત્મ્ય હૃદયમાં સ્ફુર્યું હોય, જેથી તુરત જ જિનમંદિરમાં ભક્તિ કરતાં વીતરાગદેવ પ્રત્યે પાત્ર જીવોને અદ્‌ભુત ભક્તિભાવ ઉલ્લસતો. આ રીતે જિનમંદિર જ્ઞાન ને ભક્તિના સુંદર સુમેળનું નિમિત્ત બન્યું.

ત્યાર પછી એક વર્ષે શ્રી સમવસરણ–મંદિર બંધાયું. તેમાં શ્રી સીમંધર ભગવાનનાં અતિ ભાવવાહી ચતુર્મુખ જિનપ્રતિમા બિરાજે છે. સમવસરણની આખી રચના અતિ આકર્ષક ને શાસ્ત્રોક્ત વિધિ અનુસાર છે. મુનિઓની સભામાં શ્રી સીમંધર ભગવાન સામે અત્યંત ભાવપૂર્વક હાથ જોડીને ઊભેલા શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવનાં અતિ સૌમ્ય મુદ્રાવંત નિર્ગ્રંથ પ્રતિમા છે. પ્રતિષ્ઠા વિ.સં. ૧૯૯૮ના વૈશાખ વદ છઠના દિવસે થઈ હતી. શ્રી સમવસરણનાં દર્શન કરતાં શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવ વિદેહક્ષેત્રના તીર્થંકર સર્વજ્ઞ વીતરાગ શ્રી સીમંધર પરમાત્માના સમવસરણમાં પધારેલા તે, પૂજ્ય ગુરુદેવે ગતભવમાં નજરે દીઠેલો ભવ્ય પ્રસંગ તેમના સ્મૃતિચક્ષુ સમક્ષ ખડો થયો અને તેની સાથે સંકળાયેલા અનેક પવિત્ર ભાવો હૃદયમાં સ્ફુરતાં તેમનું હૃદય ભક્તિ ને ઉલ્લાસથી ઊછળી પડ્યું. સમવસરણ ભક્તિ પ્રસંગે 'રે! રે! સીમંધરનાથના વિરહા પડ્યા આ ભરતમાં' એ પંક્તિ આવતાં, ભગવાનના વિરહવેદનથી પૂજ્ય ગુરુદેવનું ભક્તહૃદય અત્યંત દ્રવી ગયું હતું અને નેત્રોમાંથી અશ્રુની ધારા વહી ગઈ હતી; તે વિરહવ્યથાનું ભક્તિભીનું દૃશ્ય હજુ પણ મુમુક્ષુઓની નજર સમક્ષ તરવરે છે. શ્રી સમવસરણ–મંદિર થતાં મુમુક્ષુઓને સમવસરણવિરાજમાન જિનેન્દ્ર–ભગવાનનાં પાવન દર્શનની સાથે સીમંધર–કુંદકુંદમિલનનો મધુર પ્રસંગ દૃષ્ટિગોચર કરવાનું નિમિત્ત પ્રાપ્ત થયું.

વિ.સં. ૧૯૯૮ના અષાડ વદ એકમના રોજ—શ્રી મહાવીર ભગવાનના દિવ્ય ધ્વનિ છૂટવાના પાવન દિવસે,

વીરશાસનજયંતીના મંગલ દિને–સોનગઢમાં પૂજ્ય ગુરુદેવે પરમાગમ શ્રી પ્રવચનસાર પર પ્રવચનો આપવાનું શરૂ કર્યું હતું. તેમાં જ્ઞેય-અધિકાર વાંચતાં અનેક વર્ષોમાં ભક્તોએ જોયેલ તેનાથી પણ અધિક, કોઈ અચિંત્ય, અદ્‌ભુત ને અપૂર્વ એવો શ્રુતનો ધોધ પૂજ્ય ગુરુદેવના અંતર આત્મામાંથી—તેમના નિર્મળ ભાવશ્રુતજ્ઞાનના પર્યાયમાંથી— વહેવા લાગ્યો. દ્રવ્યાનુયોગના અશ્રુતપૂર્વ અદ્‌ભુત ન્યાયોથી ભરેલો તે આશ્ચર્યકારી ધોધ જેણે જાણ્યો હશે ને બરાબર શ્રવણ કર્યો હશે તેને તેનો અંદરમાં મહિમા હશે. બાકી તેનું વર્ણન શું કરી શકાય? તે શ્રુતામૃતનું પાન કરતાં એમ થતું હતું કે આ તે કોઈ સાતિશય આશ્ચર્યકારી આત્મવિભૂતિ જોવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું! કે કોઈ અચિંત્ય શ્રુતની નિર્મળ શ્રેણી જોવાનું સુભાગ્ય સંપ્રાપ્ત થયું!

વિ.સં. ૧૯૯૮ના ભાદરવા સુદ પાંચમના રોજ— દશલક્ષણ પર્યુષણપર્વના પ્રારંભના દિને—સોનગઢમાં કુમાર જૈન યુવકો માટે, તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવવાના હેતુએ, બ્રહ્મચર્યાશ્રમ સ્થાપવામાં આવ્યો હતો. તેમાં ત્રણ વર્ષનો અભ્યાસક્રમ રાખવામાં આવ્યો હતો. તેમાં જોડાનાર બ્રહ્મચારી ભાઈઓ દરરોજ ત્રણેક કલાક નિયત કરેલાં ધાર્મિક પુસ્તકોનું શિક્ષણ પ્રાપ્ત કરતા, તે પ્રાપ્ત થયેલા શિક્ષણને એકાંતમાં સ્વાધ્યાય તથા પરસ્પર ગોષ્ઠિ દ્વારા દૃઢ કરતા અને પૂજ્ય ગુરુદેવનાં પ્રવચનો, તત્ત્વચર્ચા, જિનેન્દ્રભક્તિ વગેરેમાં ભાગ લેતા હતા; એમ આખો દિવસ ધાર્મિક પ્રવૃત્તિમાં વ્યતીત થતો હતો.

જ્ઞાનધ્યાનરત ગુરુદેવને અંદર ભાવશ્રુતની લબ્ધિ નવા નવા ન્યાયોથી જેમ દિવસે દિવસે ખીલતી જતી હતી તેમ તેમનો પુનિત પ્રભાવનાઉદય પણ પ્રબળપણે વૃદ્ધિગત થતો જતો હતો. વિ.સં. ૧૯૯૯ના ફાગણ સુદ પાંચમના રોજ ઝાલાવાડમાં થઈને ચાતુર્માસ અર્થે રાજકોટ જવા માટે ફરીને વિહાર થયો. પૂજ્ય ગુરુદેવ, અમૃત વરસતા મહામેઘની જેમ, રસ્તામાં આવતા દરેક ગામમાં અધ્યાત્મ-અમૃતનો ધોધ વરસાવતા અને અનેક હજારો તૃષાવંત જીવોની તૃષા છિપાવતા હતા. જૈનેતરો પણ પૂજ્ય ગુરુદેવનો આધ્યાત્મિક ઉપદેશ સાંભળીને દિંગ થઈ જતા. જૈનદર્શનમાં માત્ર બાહ્ય ક્રિયાકાંડ જ નથી પણ તેમાં તર્કશુદ્ધ સૂક્ષ્મ અધ્યાત્મવિજ્ઞાન ભરપૂર ભરેલું છે. એમ સમજાવતાં તેમને જૈનદર્શન પ્રત્યે બહુમાન પ્રગટતું. પૂજ્ય ગુરુદેવે ફેલાવેલાં આત્મવિચારનાં પ્રબળ આંદોલનોથી પ્રભાવિત થઈ કેટલાક જૈનેતરો તો વીતરાગ દિગંબર જૈનધર્મના શ્રદ્ધાળુ થયા હતા. ખરેખર ગુરુદેવે આત્મસાધનાનો અધ્યાત્મપંથ દર્શાવીને ભારતમાં તેમ જ વિદેશમાં હજારો જીવોને જાગૃત કર્યા છે. સૌરાષ્ટ્રમાં તો દિગંબર જૈનધર્મનું નવસર્જન તેમણે જ કર્યું છે. પૂજ્ય ગુરુદેવે અંતરથી શોધેલો સ્વાનુભવપ્રધાન અધ્યાત્મમાર્ગ—દિગંબર જૈનધર્મ જેમ જેમ પ્રસિદ્ધ થતો ગયો તેમ તેમ વધુ ને વધુ જિજ્ઞાસુઓ આકર્ષાયા, ગામોગામ મુમુક્ષુમંડળ સ્થપાયાં. સંપ્રદાયત્યાગથી જાગેલો વિરોધવંટોળ શમી ગયો. પૂજ્ય ગુરુદેવનો પ્રભાવનાઉદય દિનપ્રતિદિન વધુ ને વધુ ખીલતો ગયો.

માત્ર મોટી ઉંમરના ગૃહસ્થો જ નહિ પરંતુ નાની ઉંમરના બાળકો પણ પૂજ્ય ગુરુદેવના તત્ત્વજ્ઞાનમાં ઉત્સાહથી ભાગ લેતા હતા. ગુરુદેવના ભક્તો હજારોની સંખ્યામાં વધવા લાગ્યા. વિ.સં. ૧૯૯૭થી દર વર્ષે વિદ્યાર્થીઓને ધાર્મિક શિક્ષણ આપવા માટે ગ્રીષ્મવર્ગ ખોલવામાં આવતો, વિદ્યાર્થીઓ તેમાં ઉત્સાહથી ભાગ લેતા, લેખિત પરીક્ષાઓ લેવાતી ને ઈનામો અપાતાં. વિ.સં. ૨૦૦૩ થી શ્રાવણમાસમાં પ્રૌઢ ગૃહસ્થો માટે પણ શિક્ષણવર્ગ ચાલે છે.

પૂજ્ય ગુરુદેવના ભક્તો દેશવિદેશમાં ઠેરઠેર વસેલા છે. તેમને ગુરુદેવના અધ્યાત્મ-ઉપદેશનો નિયમિત લાભ મળે તે માટે વિ.સં. ૨૦૦૦ના માગશર માસથી 'આત્મધર્મ' માસિકપત્રનું પ્રકાશન શરૂ થયું. વચ્ચે થોડાં વર્ષો સુધી 'સદ્‌ગુરુ-પ્રવચન-પ્રસાદ' નામનું દૈનિક પ્રવચનપત્ર પ્રકાશિત થતું હતું. તે ઉપરાંત સમયસાર, પ્રવચનસાર વગેરે મૂળ શાસ્ત્રો તથા પ્રવચન ગ્રંથો ઇત્યાદિ અધ્યાત્મસાહિત્યનું વિપુલ પ્રમાણમાં—લાખોની સંખ્યામાં—પ્રકાશન થયું, હજારો પ્રવચનો ટેઈપ-રેકોર્ડ કરવામાં આવ્યાં, જેનાથી પૂજ્ય ગુરુદેવનો અધ્યાત્મ ઉપદેશ ઘરે ઘરે ગુંજતો થયો.

પૂજ્ય ગુરુદેવના મંગલ પ્રતાપે સોનગઢ 'અધ્યાત્મ-તીર્થધામ' રૂપે પલટાઈ ગયું. સોનગઢનું શાંત અધ્યાત્મમય વાતાવરણ અને ભરચક ધાર્મિક કાર્યક્રમો જોઈને બહારથી આવેલા જિજ્ઞાસુઓ મુગ્ધ બની જતા. સોનગઢમાં ઉત્સવો, માત્ર રૂઢિગત શૈલીથી નહી પણ તે તે ઉત્સવને અનુરૂપ ભાવભીના વાતાવરણમાં ખાસ અનેરી શૈલીથી ઉજવાતા. થોડા દિવસ

અહીં રહેનાર જિજ્ઞાસુને પછી બીજે ઠેકાણે જવું ગમતું નહિ. અને તેને એમ લાગતું કે—ખરેખર આત્માર્થીની અધ્યાત્મ-સાધનાને પોષક ને પ્રોત્સાહક શાન્ત ધાર્મિક વાતાવરણ ગુરુદેવના આ પવિત્ર ધામ જેવું અન્યત્ર ક્યાંય નથી.

વિ.સં. ૨૦૦૧ના વૈશાખ વદ છઠના રોજ દિગંબર જૈન સમાજના સુપ્રસિદ્ધ અગ્રિમ નેતા, ઈન્દોરના શ્રી હુકમચંદજી શેઠ પૂજ્ય ગુરુદેવની આધ્યાત્મિક ખ્યાતિ સાંભળીને, ગુરુદેવનાં દર્શન તથા સત્સંગ માટે સોનગઢ આવ્યા. તેઓ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન સાંભળીને અને ભક્તિ વગેરેનું અધ્યાત્મરસભીનું વાતાવરણ દેખીને ખૂબ જ પ્રભાવિત થયા. પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રીમુખે વિશિષ્ટ વાતો સાંભળીને તથા સમવસરણની રચના જોઈને તેમને ઘણી જ પ્રસન્નતા થઈ. શ્રી હુકમીચંદજી શેઠ આવ્યા પછી સોનગઢ તરફ દિગંબર સમાજનો પ્રવાહ વિશેષ વધવા લાગ્યો.

ધીમે ધીમે સોનગઢ એક અધ્યાત્મવિદ્યાનું અનુપમ કેન્દ્ર—તીર્થધામ બની ગયું. બહારગામથી અનેક હજારો મુમુક્ષુ ભાઈ-બહેનો, દૂર દેશોથી ઘણા દિગંબર જૈનો, પંડિતો, ત્યાગીઓ, બ્રહ્મચારીઓ પૂજ્ય ગુરુદેવશ્રીના ઉપદેશનો લાભ લેવા આવતા થયા.

પૂજ્ય ગુરુદેવનો પાવન પ્રભાવનાઉદય વધતો ગયો, જિજ્ઞાસુઓની આવ વધતી ગઈ, ઉત્સવના દિવસોમાં સ્વાધ્યાયમંદિર નાનું પડવા લાગ્યું. તેથી અઢીહજાર માણસ છૂટથી બેસી સાંભળી શકે એવો વિશાળ, વચ્ચે થાંભલા વિનાનો, અનેક પૌરાણિક સુંદર ચિત્રો ને તત્ત્વબોધક

સૈદ્ધાંતિક સુવાક્યોથી સુશોભિત 'શ્રી કુંદકુંદપ્રવચનમંડપ' બંધાયો. સં. ૨૦૦૩ના ફાગણ સુદ એકમના રોજ તેનું ઉદ્‌ઘાટન કરતાં શ્રી હુકમચંદજી શેઠ આનંદવિભોર થઈને બોલ્યા કે 'મારા હૃદયમાં એવો ભાવ આવી જાય છે કે મારી બધી જ સંપત્તિ આ સદ્ધર્મની પ્રભાવના અર્થે ન્યોછાવર કરી દઉં તોપણ ઓછું છે.'

ત્યાર પછી ફાગણ સુદ ત્રીજના દિવસે વીંછિયા ગામમાં સોનગઢ પછી સર્વ પ્રથમ દિગંબર જિનમંદિરનું શ્રી હુકમચંદજી શેઠના શુભ હસ્તે શિલારોપણ થયું.

સં. ૨૦૦૩ના ફાગણ વદ ત્રીજે સોનગઢમાં ભારતવર્ષીય દિગંબર જૈન વિદ્વત્પરિષદનું પં. શ્રી કૈલાશચંદ્રજી સિદ્ધાંતશાસ્ત્રી (બનારસ)ના અધ્યક્ષપણામાં વાર્ષિક અધિવેશન થયું. આ અધિવેશનનો પ્રસંગ ઘણો જ પ્રભાવશાળી હતો. સોનગઢનું અધ્યાત્મમય વાતાવરણ દેખીને તથા પૂજ્ય ગુરુદેવ દ્વારા થઈ રહેલી દિગંબર જૈનધર્મની અધ્યાત્મતત્ત્વપ્રચારપ્રમુખ અભિવૃદ્ધિને જોઈને બધાય વિદ્વાનો ખૂબ જ પ્રભાવિત થયા હતા.

પૂજ્ય ગુરુદેવનું સમગ્ર જીવન બ્રહ્મચર્યના અદ્‌ભુત તેજથી અતિશય દેદીપ્યમાન હતું. તેમને પ્રથમથી જ બ્રહ્મચર્યનો અસીમ પ્રેમ હતો. દીક્ષિતપણે તેમને માત્ર શાસ્ત્રસ્વાધ્યાય અને તત્ત્વચિંતનની જ ધૂન રહેતી. ચારિત્રનું પાલન ઘણું કડક હતું. સ્ત્રીઓ પ્રતિ ન કદી નજર કરતા કે ન તેમની સાથે વાર્તાલાપ કરતા. સંપ્રદાયમાં એકવાર

ગુરુ દ્વારા કહેવામાં આવ્યું : ‘કાનજી! આ બહેનને શાસ્ત્રની ગાથા સમજાવ.’ પૂજ્ય ગુરુદેવે તેનો ઇનકાર કરતાં સવિનય કહ્યું કે—‘મહારાજ! સ્ત્રીઓ સાથે પ્રસંગ પડે એવું કોઈ પણ કામ મને કદી ચીંધશો નહિ.’ અહા! કેવો ફાટફાટ વૈરાગ્ય! બ્રહ્મચર્યનો કેવો અદ્‌ભુત રંગ! પૂજ્ય ગુરુદેવ, સ્ત્રીઓ પ્રત્યે અત્યંત ઉપેક્ષાવૃત્તિએ, માત્ર પુરુષોની સભા પ્રત્યે જ નજર જાય એવી રીતે પ્રવચનમાં જરા ત્રાંસા પુરુષાભિમુખ બેસતા, સ્ત્રીઓને કદી પણ સંબોધતા નહિ તથા તેમની સાથે પ્રશ્નોત્તર કરતા નહિ. બે વખતનાં પ્રવચનો સિવાય, તત્ત્વચર્ચા વગેરે પુરુષોના કાર્યક્રમમાં સ્ત્રીઓને આવવાનો કડક પ્રતિબંધ હતો. પુરુષોના ધાર્મિક વર્ગોમાં પણ સ્ત્રીઓને બેસવાની ગુરુદેવ સખ્ત મનાઈ કરતા હતા. એકલી તો નહિ, પરંતુ એકથી વધારે સ્ત્રીઓ પણ, સાથે પુરુષની હાજરી વિના, દર્શન કરવા આવી શકતી નહિ. કોઈ સ્ત્રીઓ ભૂલથી પણ જો, બે પ્રવચનો તથા જિનેન્દ્રભક્તિ સિવાય, તત્ત્વચર્ચા વગેરે બીજા કાર્યક્રમમાં આવી જાય, તો પૂજ્ય ગુરુદેવ તાડુકી ઊઠતા અને તેમને સ્થાન છોડી જવાની ફરજ પાડતા.

સ્વાનુભવસમૃદ્ધ-શુદ્ધાત્મતત્ત્વવિજ્ઞાની એવા પૂજ્ય ગુરુદેવના બ્રહ્મચર્યની છાપ સમાજ ઉપર ખૂબ પડતી. તેઓશ્રીના બ્રહ્મચર્યમય આધ્યાત્મિક જીવનથી પ્રભાવિત થઈ નિજ હિત અર્થે કેટલાક કુમાર ભાઈઓએ, અનેક કુમારિકા બહેનોએ અને ઘણાં દંપતિઓએ આજીવન બ્રહ્મચર્યપાલનની પ્રતિજ્ઞા લીધી હતી.

વિ.સં. ૨૦૦૫ના કારતક સુદ ૧૩ના રોજ છ કુમારિકા બહેનોએ પૂજ્ય ગુરુદેવ પાસે આજીવન બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા અંગીકાર કરી. ત્યાર પછીનાં વર્ષોમાં અનુક્રમે આવાં જ બીજાં ૧૪, ૮, ૯ અને ૧૧ કુમારિકા બહેનોએ એકસાથે, તથા છૂટાં છુટાં બીજાં અનેક કુમારિકા બહેનોએ જુદા જુદા પ્રસંગે, પૂજ્ય ગુરુદેવશ્રી સમક્ષ બ્રહ્મચર્ય-પ્રતિજ્ઞા લીધી. અહા! ખરેખર આ ભૌતિક વિલાસપ્રચૂર યુગમાં વીતરાગવિજ્ઞાનના અભ્યાસ માટે પ્રશમમૂર્તિ સ્વાત્મજ્ઞ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણકારી શરણમાં જીવનને વૈરાગ્યમાં ઢાળવાનો આ અનુપમ આદર્શ પૂજ્ય ગુરુદેવના પુનિત પ્રભાવનાયોગનું એક વિશિષ્ટ અંગ છે.

ગુરુદેવનો પ્રભાવ અને અધ્યાત્મનો પ્રચાર ભારતમાં ઝડપથી ફેલાવા લાગ્યો. સૌરાષ્ટ્રમાં ઠેરઠેર દિગંબર જિનમંદિરોની તૈયારી થવા લાગી. લોકોની જિજ્ઞાસા વધતી ગઈ અને વધુ ને વધુ જિજ્ઞાસુઓ સોનગઢ આવીને લાભ લેવા લાગ્યા.

પૂજ્ય ગુરુદેવના પુનિત પ્રભાવથી સૌરાષ્ટ્ર-ગુજરાતમાં દિગંબર વીતરાગ જૈનધર્મના પ્રચારનું એક અદ્‌ભુત અમિટ આંદોલન પ્રસરી ગયું. જે મંગળ કાર્ય ભગવાન કુંદકુંદાચાર્યદેવે ગિરનાર પર વાદ પ્રસંગે કર્યું હતું તે પ્રકારનું દિગંબર જૈનધર્મની સનાતન સત્યતાની પ્રસિદ્ધિનું ગૌરવપૂર્ણ કાર્ય અહા! પૂજ્ય ગુરુદેવે શ્વેતામ્બરબહુલ પ્રદેશમાં રહી, પોતાના સ્વાનુભવમુદ્રિત સમ્યક્ત્વપ્રધાન સદુપદેશ દ્વારા હજારો સ્થાનકવાસી શ્વેતામ્બરોમાં શ્રદ્ધાનું

પરિવર્તન લાવીને, સહજપણે છતાં ચમત્કારિક રીતે કર્યું. સૌરાષ્ટ્રમાં નામશેષ થઈ ગયેલા દિગંબર જૈનધર્મના—પૂજ્ય ગુરુદેવના પ્રભાવનાયોગે ઠેર ઠેર થયેલાં દિગંબર મંદિરો, તેમની મંગલ પ્રતિષ્ઠાઓ તથા આધ્યાત્મિક પ્રવચનો દ્વારા થયેલા—પુનરુદ્ધારનો યુગ આચાર્યવર શ્રી નેમિચંદ્ર સિદ્ધાન્તચક્રવર્તીના મંદિર-નિર્માણયુગની યાદ આપે છે. અહા! કેવો અદ્‌ભુત આચાર્યતુલ્ય ઉત્તમ પ્રભાવનાયોગ!

પૂજ્ય ગુરુદેવે વિશાળ મુમુક્ષુ-સંઘ સહિત બબ્બે વાર કરેલી પૂર્વ, ઉત્તર, દક્ષિણ ને મધ્ય ભારતનાં જૈન તીર્થોની યાત્રા તથા તે દરમ્યાન પૂજ્ય ગુરુદેવના શ્રીમુખથી વહેલાં સત્યતત્ત્વપ્રકાશક પ્રવચનો દ્વારા થયેલી અભૂતપૂર્વ પ્રભાવનાની તો વાત જ શી! ગામેગામ ભવ્ય સ્વાગત, ચોકે ને ચૌટે વધામણાં, હજારોની માનવમેદનીની ઠઠ, શ્રદ્ધાભક્તિ વ્યક્ત કરતા અભિનંદન-સમારોહ;—જૈનજનતામાં ધર્મોત્સાહનું એવું મોજું ફરી વળતું કે જાણે તીર્થંકરભગવાનનું સમોસરણ આવ્યું હોય! ગુરુદેવની અધ્યાત્મતત્ત્વ સંબંધી ગર્જના સાંભળી વિરોધીઓ કંપી ઊઠતા, હજારો જિજ્ઞાસુઓના હૃદય પ્રભાવિત થઈને નાચી ઊઠતાં. અહા! તીર્થયાત્રા પ્રસંગે થયેલી ધર્મપ્રભાવનાનું આનંદોલ્લાસકારી ચિત્ર નજરે જોનાર મુમુક્ષુઓના સ્મરણપટમાં હજું પણ અંકિત છે.

અહો! તે અભૂતપૂર્વ યાત્રાનું વર્ણન શું થાય! ગુરુદેવ જ્યાં જ્યાં પધારે ત્યાં એવાં ભવ્ય સ્વાગત થતાં કે ત્યાંની ઇતર જનતા પણ આશ્ચર્યમગ્ન થઈ જતી અને પ્રમોદમાં

બોલી ઉઠતી કે—અહા! આ સંતપુરુષ કોણ છે? અમારી નગરીમાં આવું ભવ્ય અને વિશાળ સ્વાગત જોયું નથી. ઇંદોરમાં થયેલું અસાધારણ ભવ્ય સ્વાગત તો વિશિષ્ટરૂપે અવિસ્મરણીય છે. પૂજ્ય ગુરુદેવની મંગલ પધારમણીથી સર શ્રી હુકમચંદજી શેઠ તો અત્યંત આનંદિત થયા હતા અને અતિ આનંદવિભોર થઈને, હાથી તેમ જ તેમનો સોના–મખમલનો બધોય કિંમતી સાજ પૂજ્ય ગુરુદેવશ્રીની સ્વાગતયાત્રાની વિશિષ્ટ શોભા અર્થે કાઢવાની માણસોને આજ્ઞા કરી હતી. ઈન્દોરમાં ચાલેલાં પૂજ્ય ગુરુદેવનાં પ્રવચનો પણ કોઈ અદ્‌ભુત હતાં. પંડિતો, ત્યાગીઓ અને સમાજ ખૂબ જ પ્રભાવિત થયા હતા.

સં. ૨૦૧૩, ફાગણ સુદ સાતમના દિને પૂજ્ય ગુરુદેવે લગભગ બે હજાર ભક્તો સહિત શ્રી સમ્મેદશિખરની, જીવનમાં પહેલી વાર, યાત્રા કરી. (બીજી વાર સં. ૨૦૨૩માં કરી). અહા! પહેલી ટૂંકે—શ્રી કુંથુનાથ ભગવાનની ટૂંકે—પૂજ્ય ગુરુદેવે સમ્મેદશિખર તીર્થનો, ત્યાંથી મોક્ષ પામેલા તીર્થંકરો તેમજ સામાન્ય કેવળીઓનો, સમ્મેદશિખરની નિર્વાણધામ તરીકે શાશ્વતતાનો તથા તીર્થની યાત્રાનો અધ્યાત્મસાધના સાથે સુસંગત જે અદ્‌ભુત મહિમા બતાવ્યો હતો તે મધુરા પ્રસંગનું સુસ્મરણ આજે પણ ભક્તોને આનંદિત કરે છે. મધુવનમાં પાંચેક હજાર શ્રોતાની સભામાં જે અદ્‌ભુત પ્રવચનધારા વહેતી તેનાથી વિદ્વાનો તથા ત્યાગીઓ પણ પ્રભાવિત થતા હતા. ઇન્દોરના પંડિત શ્રી બંશીધરજી ન્યાયાચાર્યે ભાવભીનું ભાષણ કરીને હિંમતપૂર્વક

ગદ્ગદભાવથી સમાજમાં સ્પષ્ટ કહ્યું કે—અનંત ચોવીશીના તીર્થંકરો અને આચાર્યોએ સત્ય દિગંબર જૈનધર્મને અર્થાત્ મોક્ષમાર્ગને પ્રગટ કરનારો જે સંદેશ સંભળાવ્યો હતો તે જ આ કાનજીસ્વામીની વાણીમાં આપણા સાંભળવામાં આવી રહ્યો છે.

સં. ૨૦૧૫માં લગભગ સાતસો ભક્તો સાથે ગુરુદેવે દક્ષિણ ભારતનાં તીર્થોની યાત્રા માટે મંગળ પ્રસ્થાન કર્યું. કુંદાદ્રિ, રત્નપ્રતિમાઓનું ધામ મૂડબિદ્રિ, વિશ્વવિખ્યાત બાહુબલીધામ—શ્રવણબેલગોલા, કુંદકુંદાચાર્યદેવની તપોભૂમિ પોન્નુર વગેરે દક્ષિણ ભારતનાં તથા મધ્ય ભારતનાં અનેક તીર્થધામોની ખૂબ આનંદપૂર્વક મંગળ યાત્રા કરી. પ્રવાસમાં વચ્ચે આવેલાં અનેક નાનાં-મોટાં નગરોમાં અધ્યાત્મવિદ્યાનો મેઘ વરસાવ્યો. ગામે ગામ ભવ્ય સ્વાગત ને અભિનંદન-સમારોહ થયાં. પૂજ્ય ગુરુદેવની દક્ષિણ ભારતમાં પધરામણીથી ત્યાંનો સમાજ ખૂબ જ આનંદિત થયો હતો અને ઉલ્લાસ વ્યક્ત કરતાં લોકો કહેતા હતા કે—જેમ ભદ્રબાહુસ્વામી હજારો શિષ્યો સહિત ઉત્તરભારતમાંથી પધાર્યા હતા તેમ અહા! શ્રી કાનજીસ્વામી હજારો ભક્તો સહિત, પશ્ચિમ ભારતમાંથી દક્ષિણ ભારતમાં પધાર્યા અને ધર્મનો મહાન ઉદ્યોત કર્યો. (વિ.સં. ૨૦૨૦માં દક્ષિણ ભારતની બીજી વાર યાત્રા કરી હતી.)

અધ્યાત્મમૂર્તિ સ્વાનુભૂતિસંપન્ન પવિત્રાત્મા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રભાવનાગગનના ધર્મોદ્યોતકારી પ્રસંગ-તારલાઓ ગણ્યા ગણાય ને વીણ્યા વિણાય એમ નથી. એક

ઘટના યાદ કરો ને બીજી ભૂલો—એવી અનેક અદ્‌ભુત શાસનપ્રભાવનાપૂર્ણ ઘટનાઓથી ગુરુદેવનું જીવન વિભૂષિત છે. સોનગઢમાં ગુરુદેવશ્રીના પાવન સત્સમાગમ તથા પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની પવિત્ર છાયામાં અધ્યાત્મતત્ત્વાભ્યાસપૂર્વક જીવન જીવવા અર્થે ગુરુદેવ પાસે આજીવન બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા અંગીકાર કરીને રહેલાં કુમારિકા બ્રહ્મચારિણી બહેનો માટે 'શ્રી ગોગીદેવી દિગંબર જૈન શ્રાવિકાબ્રહ્મચર્યાશ્રમ' સ્થપાયો; આરસનિર્મિત ગગનચુંબી ભવ્ય માનસ્તંભ, શ્રી મહાવીર ભગવાનના વિશાળ ભવ્ય જિનબિંબયુક્ત તેમજ સમયસાર વગેરે પરમાગમોની સુંદર કોતરણીથી અત્યંત સુશોભિત અનુપમ અને અદ્‌ભુત 'શ્રી મહાવીર-કુંદકુંદ દિગંબર જૈન પરમાગમમંદિર' વગેરેનાં નિર્માણકાર્ય થયાં તથા તેમના પ્રતિષ્ઠા મહોત્સવો ઉજવાયા; સૌરાષ્ટ્ર, ગુજરાત અને હિન્દીભાષી પ્રદેશોમાં અનેક શહેરો અને ગામો વિષે મુમુક્ષુમંડળો સ્થપાયાં, દિગંબર જિનમંદિરો તથા સમવસરણ વગેરે રચાયાં અને તેની ભવ્ય પ્રતિષ્ઠાઓ થઈ; તથા વિદેશ (નાઈરોબી) પ્રવાસ અને ત્યાં દિગંબર જિનમંદિરની ભવ્ય પ્રતિષ્ઠા તેમજ અધ્યાત્મતત્ત્વોપદેશ દ્વારા સનાતન સત્ય જૈનધર્મનો પ્રચાર થયો.—એ રીતે પૂજ્ય ગુરુદેવના પાવન પ્રભાવના-ઉદયમાં વિવિધરંગી ધર્મોદ્યોત થયો. અહો! પૂજ્ય ગુરુદેવ દ્વારા થયેલા ધર્મપ્રભાવનાના તે પવિત્ર પ્રસંગોનાં સંસ્મરણો આજે પણ ભક્તોનાં તનને રોમાંચિત તથા મનને પ્રફુલ્લિત કરે છે! ખરેખર પૂજ્ય ગુરુદેવે આ યુગમાં એક

પ્રભાવક આચાર્ય જેવું અદ્‌ભુત ને અનુપમ કાર્ય કર્યું છે!

પૂજ્ય ગુરુદેવશ્રીના પુનિત પ્રતાપે સોનગઢનું જીવન જ જગતથી સાવ નિરાળું હતું. હંમેશા પ્રાતઃ દેવ-ગુરુનાં દર્શન, જિનેન્દ્રપૂજા, બે વાર પૂજ્ય ગુરુદેવનાં અધ્યાત્મરસઝરતાં પ્રવચનો, જિનેદ્રભક્તિ, ભગવાનની આરતી અને તત્ત્વચર્ચા વગેરે કાર્યક્રમ નિયમિત ચાલતો હતો; તે ઉપરાંત સત્સાહિત્યનાં—મૂળ શાસ્ત્રો તથા પ્રવચનગ્રંથોનાં-લાખો પુસ્તકો તથા 'આત્મધર્મ' પત્ર પ્રકાશિત થયાં. સોનગઢમાં તેમજ સૌરાષ્ટ્ર-ગુજરાત તથા ભારતનાં અન્ય ગામોમાં અનેક પંચકલ્યાણકપુરઃસર જિનબિંબ-પ્રતિષ્ઠાઓ, વેદી-પ્રતિષ્ઠાઓ થઈ. તે માટે તથા તીર્થયાત્રાદિનિમિત્તે ભારતવર્ષમાં અનેકવાર ગુરુદેવના જિનશાસન-પ્રભાવકારી મંગળ વિહારો થયા; લાખો માણસોએ ગુરુદેવની અશ્રુતપૂર્વ અધ્યાત્મદેશના સાંભળી ને હજારો માણસોમાં ધર્મની રુચિ ઉત્પન્ન થઈ. આ રીતે વિધવિધ પ્રકારે કલ્પનાતીત વ્યાપક ધર્મોદ્યોત ગુરુદેવ દ્વારા થયો.

આ અસાધારણ ધમોદ્યોત સ્વયમેવ વિના પ્રયત્ને સાહજિક રીતે થયો છે. ગુરુદેવે ધર્મપ્રભાવના માટે કદી કોઈ યોજના વિચારી નહોતી. મંદિર બનાવવાની, પ્રતિષ્ઠાઓ કરાવવાની, પુસ્તકો છપાવવાની કે ધાર્મિક વર્ગો ચલાવવાની—એવી કોઈ પણ પ્રકારની પ્રવૃત્તિઓમાં તેઓ કદી પડતા નહિ. તે તેમની પ્રકૃતિમાં જ નહોતું. મુનિને કોઈ કર્મપ્રક્રમના પરિણામ ન હોય અર્થાત્ મુનિ કોઈ પ્રવૃત્તિનાં કામ માથે ન લે—એ પ્રવચનસારની વાતનું વિવરણ કરતાં,

જાણે કે પોતાના હૃદયની વાત શાસ્ત્રમાંથી મળી આવી હોય તેમ, તેઓ બહુ ખીલી ઊઠતા. તેમનું સમગ્ર જીવન નિજકલ્યાણસાધનાને સમર્પિત હતું. જગત જગતનું જાણે, મારે મારું કરવું છે—એ એમનું હૃદય હતું. 'आप मुए सब डूब गई दुनिया' એમ કબીરે ગાયું છે પરંતુ ગુરુદેવને તો જીવતાં જ 'मेरे लिए कोई है नहीं दुनिया' એવી પરિણતિ જીવનમાં વણાઈ ગઈ હતી. અહા! કેવી આશ્ચર્યકારી નિઃસ્પૃહ દશા!

તેઓશ્રીએ જે સુધાઝરતી આત્માનુભૂતિ પ્રાપ્ત કરી હતી, જે કલ્યાણકારી તથ્યોને આત્મસાત્ કર્યાં હતાં, તેની અભિવ્યક્તિ 'વાહ! આવી વસ્તુસ્થિતિ!' એમ વિવિધ પ્રકારે સહજભાવે ઉલ્લાસપૂર્વક તેમનાથી થઈ જતી, જેની ઊંડી આત્માર્થપ્રેરક અસર શ્રોતાઓનાં હૃદય પર પડતી. મુખ્યત્વે આવા પ્રકારે તેમની દ્વારા સહજપણે ધર્મોદ્યોત થઈ ગયો હતો.

પૂજ્ય ગુરુદેવના નિમિત્તે આવી પ્રબળ બાહ્ય પ્રભાવના થઈ હોવા છતાં તે સહજપણે થઈ હતી. ગુરુદેવને બહારમાં જરા પણ રસ હતો નહિ. તેમનું જીવન તો આત્માભિમુખ હતું. તેમનો દૈનિક ક્રમ પ્રાયઃ નિજ જ્ઞાન, ધ્યાન ને શાસ્ત્રસ્વાધ્યાયમાં વ્યતીત થતો. દેવદર્શન, શાસ્ત્રપ્રવચન, જિનેન્દ્રભક્તિ અને તત્ત્વચર્ચા સિવાય અન્ય પ્રવૃત્તિ પ્રત્યે ઉપેક્ષાભાવ વર્તતો હતો. ન કદી કોઈની સાથે લવથવ કરતા, કે ન કદી પુસ્તકપ્રકાશન વગેરે બાહ્ય કાર્યોમાં રસ લેતા. ગુરુદેવની પરિણતિ એવી આત્મોન્મુખી અને

વૈરાગ્યપરિણત હતી કે તેમને સરસ–નીરસ આહાર પ્રત્યે લક્ષ પણ જતું નહીં. હંમેશા સાદો આહાર લેતા. જે આહાર આવે તેને ઉપેક્ષિત તેમજ ઉદાસભાવે વાપરી લેતા. તેમનું જીવન કેવળ આત્માભિમુખ હતું. તેઓ જગતથી સાવ ઉદાસ ઉદાસ હતા. ગુરુદેવના પરમ પાવન આદર્શ જીવનથી, તેમની પવિત્ર અધ્યાત્મસાધનાથી, પ્રભાવિત થવાને લીધે જિજ્ઞાસુઓનાં ટોળે ટોળાં હજારોની સંખ્યામાં પૂજ્ય ગુરુદેવની અધ્યાત્મરસઝરતી વાણી પ્રત્યે આકર્ષાયાં. હજારો ભક્તોનાં શ્રદ્ધાજીવન ને ભક્તિજીવન ગુરુદેવનાં પુનિત ચરણોમાં અર્પાયાં. અહા! ગુરુદેવના પ્રતાપે, રણમાં મીઠી વીરડીની જેમ, પંચમકાળના આ ભૌતિક વિલાસના વિષમય યુગમાં ચતુર્થકાળનો અંશ—ધર્મકાળ પ્રવર્ત્યો. ખરેખર ગુરુદેવે આ કાળે અનેકાંતસુસંગત શુદ્ધાત્મવિદ્યાનો નવયુગ પ્રવર્તાવ્યો છે.

ખરેખર તો કૃપાળુ ગુરુદેવ આ બધાં કાર્યના 'કર્તા' હતા જ નહિ, તેઓશ્રી તો અંદર કેવળ તેના જ્ઞાતા જ હતા. તેમની દૃષ્ટિ અને જીવન આત્માભિમુખ હતાં. બહારનાં કાર્યો 'અકર્તા'ભાવે–જ્ઞાતાભાવે સહજપણે થઈ ગયાં હતાં. સ્વાનુભૂતિસમન્વિત ભેદજ્ઞાનધારામાંથી વહેતા શુદ્ધાત્મ–દૃષ્ટિજનક અધ્યાત્મોપદેશ દ્વારા આત્મકલ્યાણનો માર્ગ બતાવ્યો એ જ ખરેખર તેઓશ્રીનો આપણા ઉપર અસાધારણ મહાન મહાન મુખ્ય ઉપકાર છે. તેઓશ્રી વારંવાર કહેતા : આ અલ્પાયુષી મનુષ્યભવમાં નિજ કલ્યાણ સાધવું તથા તેના કારણભૂત સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું એ જ

પરમ કર્તવ્ય છે. સમ્યગ્દર્શનનું માહાત્મ્ય અપાર છે.

શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે : ‘અનંત કાળથી જે જ્ઞાન ભવહેતુ થતું હતું તે જ્ઞાનને એક સમયમાત્રમાં જાત્યંતર કરી જેણે ભવનિવૃત્તિરૂપ કર્યું તે કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનને નમસ્કાર.’ અરેરે! આ ભવાંતકારી સમ્યગ્દર્શન—નિજ શુદ્ધાત્મદર્શન—વિના અનાદિકાળથી અનંત અનંત જીવો સંસારપરિભ્રમણનાં દુઃખો વેઠી રહ્યા છે, જીવ ગમે તેટલા વ્રત-તપ વગેરે ક્રિયાકાંડ કરે કે શાસ્ત્રોનું જાણપણું કરે, પણ જ્યાં સુધી રાગ ને પરલક્ષી જ્ઞાનની દૃષ્ટિ તથા તેનો મહિમા ત્યજીને અંદર ત્રિકાળી આત્મસ્વભાવનો મહિમા સમજે નહિ, અંતર્મુખ દૃષ્ટિ કરે નહિ, ત્યાં સુધી તેની ગતિ સંસાર તરફ છે. તેમાંથી જે કોઈ વિરલ જીવ સુગુરુગમે તત્ત્વ સમજીને અપૂર્વ પુરુષાર્થપૂર્વક પોતાની પરિણતિ અંતર્મુખ ફેરવી સમ્યગ્દર્શન-નિજ શુદ્ધાત્માનુભૂતિ—પ્રાપ્ત કરી લે તેણે જ ખરેખર, સંસારમાર્ગે ચાલતા ટોળામાંથી છૂટા પડી, મોક્ષના માર્ગ પર પોતાનું પ્રયાણ આદર્યું છે. ભલે તે ધીમી ગતિએ ચાલતો હોય, અસંયમદશા હોય, અંદર સાધનાનો—ઠરી જવાનો ઉગ્ર પુરુષાર્થ ન હોય, તોપણ તેની દિશા મોક્ષ તરફની છે, તેની જાતિ મોક્ષમાર્ગી છે. સમ્યદર્શનનું આવું અદ્ભુત માહાત્મ્ય કલ્યાણાર્થીના હૃદયમાં ઠસી જવું જોઈએ.

અહા! માત્ર સમ્યગ્દષ્ટિ તરીકેનું આટલું માહાત્મ્ય છે, તો પછી ભવસાગર તરી જવાનો અમોઘ ઉપાય બતાવનાર એવા પ્રત્યક્ષ-ઉપકારી સમ્યગ્દષ્ટિના માહાત્મ્યની તો શી વાત? એવા આપણા પરમ-ઉપકારી સમ્યગ્દષ્ટિ સાતિશય-

માહાત્મ્યવંત કૃપાળુ કહાનગુરુદેવ પ્રત્યે તો આપણું સર્વસ્વ ન્યોછાવર કરી દઈએ તો તે પણ ઓછું છે.

પૂજ્ય ગુરુદેવે 'ભગવાન આત્મા....ભગવાન આત્મા....જ્ઞાયક' એવા જ્ઞાયકદેવનો મીઠો રણકાર હંમેશાં જીવનપર્યંત ગજાવ્યો. ભૌતિક જગતની અંદર જ્યાં મોટો જનસમુદાય આત્માના અસ્તિત્વની બાબતમાં પણ શંકાશીલ છે, ત્યાં ગુરુદેવે યુક્તિ તેમ જ સ્વાનુભવના અત્યંત જોરપૂર્વક ભેરી બજાવી કે—એક જ્ઞાયક આત્મા જ હું છું, હું સર્વની ઉપર તરતો પરમ પદાર્થ છું. તેઓશ્રી મસ્તીથી ગાતા કે—'પરમ નિધાન પ્રગટ મુખ આગળે, જગત ઉલંઘી હો જાય જિનેશ્વર.' તેમને આશ્ચર્ય થતું કે આ, અંતરદૃષ્ટિ સામે જ, પરમ નિધાન—સમૃદ્ધિભરપૂર જ્ઞાયકતત્ત્વ–પડ્યું છે તેને ઓળંગીને–તેને ટપી જઈને—જગત કેમ ચાલ્યું જાય છે? 'આ વસ્તુ ખરી', 'આ વસ્તુ અહીં આ દેખાય' એમ દૃશ્ય વસ્તુને તે દેખે છે, પણ તેના દેખનારને તે કેમ દેખતું નથી?—કેમ ઓળંગી જાય છે?

સર્વ દૃશ્ય વસ્તુઓના દ્રષ્ટાની—પરમ નિધાનની—સ્વાનુભવયુક્ત પ્રતીત ગુરુગમથી થાય છે. અહા! એવા એ પવિત્ર ગુરુગમના દાતા આપણા પરમોપકારી ગુરુદેવ આપણા સૌભાગ્યે આપણને મળ્યા.

પૂજ્ય ગુરુદેવ ફરમાવતા કે વિશ્વનાં સર્વ દ્રવ્યો પૂરેપૂરાં સ્વતંત્ર છે. સૌ દ્રવ્યનાં ગુણ–પર્યાયો અથવા ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય જુદે જુદાં છે. આત્મદ્રવ્યને શરીરાદિ પરદ્રવ્યો

સાથે કાંઈ સંબંધ નથી. આત્મા અન્ય પદાર્થોથી તદ્દન ભિન્ન રહીને પોતાના શુભ, અશુભ કે શુદ્ધ ભાવને પોતે જ કરે છે. અહીં સ્વાભાવિક રીતે જ પ્રશ્ન થતો કે ''(શ્રી પ્રવચનસારશાસ્ત્રમાં કહ્યા પ્રમાણે) શુભ કે અશુભમાં પ્રણમતાં 'શુભ કે અશુભ' આત્મા બને'' એમ આપ કહો છો અને સાથે સાથે ''આત્મા 'સદા શુદ્ધ' રહે છે, જે શુદ્ધતાનો આશ્રય કરવો તે મોક્ષમાર્ગ છે'' એમ પણ આપ ફરમાવો છો; આ બન્ને વાતનો મેળ કઈ રીતે છે?

આ અત્યંત અત્યંત અગત્યની વાતનું સ્પષ્ટીકરણ ગુરુદેવ આ પ્રમાણે કરતા :—સ્ફટિકમણિ લાલ વસ્ત્રના સંયોગે લાલ થાય છે ત્યારે પણ તેની નિર્મળતા સર્વથા નષ્ટ થઈ ગઈ નથી, સામર્થ્ય-અપેક્ષાએ-શક્તિ-અપેક્ષાએ તે નિર્મળ રહ્યો છે; તે લાલાશરૂપે અવશ્ય પરિણમ્યો છે, તે લાલાશ સ્ફટિકની જ છે, વસ્ત્રની બિલકુલ નહીં; પરંતુ તે લાલાશ લાલરંગના ભૂકાની હિંગળાની કે કંકુની લાલશ જેવી નથી; લાલ દશા વખતે પણ સામર્થ્યરૂપ નિર્મળતા મોજૂદ છે. તેવી રીતે આત્મા કર્મના નિમિત્તે શુભભાવરૂપ કે અશુભભાવરૂપ થાય છે ત્યારે પણ તેની શુદ્ધતા સર્વથા નષ્ટ થઈ ગઈ નથી, સામર્થ્ય-અપેક્ષાએ—શક્તિ-અપેક્ષાએ તે શુદ્ધ રહ્યો છે; તે શુભાશુભભાવરૂપે અવશ્ય પરિણમ્યો છે, તે શુભાશુભપણું આત્માનું જ છે, કર્મનું બિલકુલ નહિ; પરંતુ શુભાશુભ દશા વખતે પણ સામર્થ્યરૂપ શુદ્ધતા મોજૂદ છે. જેવી રીતે સ્ફટિકમણિને લાલ થયેલો દેખીને બાળક રડવા માંડે કે 'અરેરે! મારો સ્ફટિકમણિ સર્વથા મેલો થઈ ગયો'

પરંતુ ઝવેરી લાલાશ સમયે જ મોજૂદ રહેલી નિર્મળતાને મુખ્યતાપૂર્વક જાણતો હોવાથી તે નિર્ભય રહે છે; તેવી રીતે આત્માને શુભાશુભભાવરૂપે પરિણમતો દેખીને અજ્ઞાની તેને સર્વથા મેલો થઈ ગયેલો માનીને દુ:ખી દુ:ખી થઈ જાય છે પરંતુ જ્ઞાની શુભાશુભપણા સમયે જ મોજૂદ રહેલી શુદ્ધતાને મુખ્યતાપૂર્વક જાણતો હોવાથી તે નિર્ભય રહે છે.

સામર્થ્ય કહો, શક્તિ કહો, સમાન્ય કહો, જ્ઞાયક કહો, ધ્રુવત્વ કહો, દ્રવ્ય કહો કે પરમપારિણામિક ભાવ કહો—એ બધાં એકાર્થ છે એમ ગુરુદેવ ફરમાવતા.

આત્મા 'ભવિષ્યમાં' સર્વજ્ઞ થશે, સંપૂર્ણ સુખી થશે, નિર્વિકારી થશે એમ નહિ પણ 'અત્યારે જ' તે સામર્થ્ય અપેક્ષાએ સંપૂર્ણ વિજ્ઞાનઘન છે, અનંતાનંદનો પિંડ છે, નિર્વિકારી છે, જેનો જ્ઞાનીને સ્પષ્ટ સાનુભવ ખ્યાલ હોય છે. ગુરુદેવ ફરમાવતા કે—'तेरो सरूप न दुंदकी दोहीमें, तोहीमें है तोही सूझत नांही' તારું સ્વરૂપ રાગદ્વેષાદિ દ્વંદ્વની દુવિધામાં નથી, અત્યારે જ રાગદ્વેષ રહિત છે; તેની સૂઝથી જ મોક્ષમાર્ગ શરૂ થાય છે. તેની સૂઝ વિના તું સંસારમાં પરિભ્રમણ કરે છે.

સામર્થ્યરૂપ (શક્તિરૂપ) શુદ્ધતાના—ધ્રુવત્વના ભાન વિના શુદ્ધ પરિણતિ થતી નથી. ધ્રુવત્વ અર્થાત્ અન્વયનો અર્થ માત્ર 'તે....તે....તે' એટલો જ નહિ, પરંતુ કેવળજ્ઞાનસામર્થ્યથી ભરપૂર, અનંત સુખસામર્થ્યથી ભરપૂર, અનંત-વીર્યાદિસામર્થ્યથી ભરપૂર એવું 'તે...તે....તે'—એવો

અન્વય, એવું સામાન્ય, એવો પરમપારિણામિક ભાવ, એવો જ્ઞાયક. આવા શુદ્ધ જ્ઞાયકને ગુરુદેવ સતત અનુભવી રહ્યા હતા તેથી નિરંતર આંશિક શુદ્ધ પરિણતિ તેઓશ્રીને વર્તતી હતી. તેની સાથે વર્તતું પ્રયોજનભૂત વિષયોનું—દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય–ગુણ–પર્યાય, ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય, ઉપાદાન–નિમિત્ત, નિશ્ચય–વ્યવહાર, નવ તત્ત્વ, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન, સ્વાનુભૂતિ, મોક્ષમાર્ગ ઇત્યાદિનું—જ્ઞાન પણ તેમને વિશદતાપૂર્વક સમ્યક્પણે પરિણમતું હતું જેથી શાસ્ત્રોના લુપ્તપ્રાય થઈ ગયેલા સાચા ભાવો તેમના દ્વારા ખૂલ્યા અને જગતમાં ખૂબ પ્રચલિત થયા.

તેઓશ્રી ફરમાવતા કે 'અહો જીવો! અશુભ તેમજ શુભ બન્ને ભાવો બંધનાં કારણ છે, મોક્ષનાં નહિ'. 'તો મોક્ષનું કારણ કોણ?' 'શુદ્ધ ભાવ', 'કષાય ઓછો કરીએ એટલો તો શુદ્ધ ભાવ ખરો ને?' દૃઢતાથી ઉત્તર મળતો કે 'એ તો શુભ ભાવ છે. નિરંતર શુદ્ધ એવા નિજ આત્મપદાર્થને શ્રદ્ધવો–જાણવો અને તેમાં લીન થવું તે શુદ્ધ ભાવ છે.' 'અશુદ્ધભાવ વખતે પણ શુદ્ધ? અશુદ્ધ ને શુદ્ધ સાથે કેમ હોઈ શકે?' 'હોઈ શકે. यद् विशेषेपि सामान्यं एकमात्रं प्रतीयते। અશુદ્ધ વિશેષો વખતે પણ સામન્ય તો એકરૂપ—શુદ્ધરૂપ રહે છે.' શુભાશુભ પર્યાય વખતે પણ અંદર સ્વભાવમાં સામર્થ્યરૂપે પરિપૂર્ણ ભરચક શુદ્ધતા ભરી પડી છે તે વાત, શ્રી પંચાધ્યાયીના सन्त्यनेकेत्र दृष्टांता हेमपद्मजलानलाः। आदर्शस्फटिकाश्मानौ बोधवारिधि-सैंधवाः॥' —એ શ્લોકમાં કહેલ સુવર્ણ, કમળ, જળ, અગ્નિ, અરિસો,

સ્ફટિકમણિ, જ્ઞાન, સમુદ્ર અને લવણનાં દૃષ્ટાંતો દ્વારા ગુરુદેવ સમજાવતા. વિશેષ-અપેક્ષાએ થતી અશુદ્ધતા વખતે પણ સામાન્ય-અપેક્ષાએ રહેતી દ્રવ્યની શુદ્ધતા સમજાવતાં ગુરુદેવ કહેતા કે દ્રવ્ય-અપેક્ષાએ અત્યારે શુદ્ધતા વિદ્યમાન ન હોય તો કોઈ કાળે પર્યાય-શુદ્ધતા થાય જ નહિ. જ્યાં અજ્ઞાનીઓ વિશેષોને આસ્વાદે છે ત્યાં જ જ્ઞાનીઓ સામાન્યના આવિર્ભાવપૂર્વક સ્વાદ લે છે. આ જ સંક્ષેપમાં બંધમાર્ગ અને મોક્ષમાર્ગનું મૂળભૂત રહસ્ય છે.

પૂજ્ય ગુરુદેવે ભારતવર્ષમાં સમ્યગ્દર્શન અને સ્વાનુભૂતિના મહિમાનો પાવન યુગ પ્રવર્તાવ્યો.

જેમ શ્રી પ્રવચનસારમાં આચાર્ય ભગવાને જગત સમક્ષ જાહેર કર્યું છે કે 'શ્રામણ્યને અંગીકાર કરવાનો જે યથાનુભૂત-અમે જાતે અનુભવેલો-માર્ગ તેના પ્રણેતા અમે આ ઊભા', તેમ અધ્યાત્મવિદ્યા-યુગસ્રષ્ટા પૂજ્ય ગુરુદેવે પણ પોતે અનુભવ કરીને અત્યંત દૃઢતાપૂર્વક સિંહનાદ કર્યો કે 'અનુભવ કરીને કહીએ છીએ કે સ્વાનુભૂતિનો માર્ગ જ મોક્ષનો ઉપાય છે, તમે નિર્ભયપણે આ માર્ગે ચાલ્યા આવો.'

સ્વાનુભૂતિ થતાં જીવને કેવો સાક્ષાત્કાર થાય? તે બાબતમાં ગુરુદેવ ફરમાવતા કે-સ્વાનુભૂતિ થતાં, અનાકુળ-આહ્લાદમય, એક આખાય વિશ્વ ઉપર તરતો વિજ્ઞાનઘન પરમપદાર્થ-પરમાત્મા અનુભવમાં આવે છે. આવા અનુભવ વિના આત્મા સમ્યક્પણે દેખાતો-શ્રદ્ધાતો જ નથી, તેથી સ્વાનુભૂતિ વિના સમ્યગ્દર્શનની—ધર્મની શરૂઆત જ થતી નથી.

આવી સ્વાનુભૂતિ પ્રાપ્ત કરવા જીવે શું કરવું? સ્વાનુભૂતિની પ્રાપ્તિ માટે જ્ઞાનસ્વભાવી આત્માનો ગમે તેમ કરીને પણ નિર્ણય કરવાનું ગુરુદેવ ભારપૂર્વક કહેતા. જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કરવામાં સહાયભૂત તત્ત્વજ્ઞાનનો—દ્રવ્યોનું સ્વયંસિદ્ધ સત્પણું ને સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય, નવ તત્ત્વનું સાચું સ્વરૂપ, જીવ અને શરીરની તદ્દન ભિન્નભિન્ન ક્રિયાઓ, પુણ્ય અને ધર્મના લક્ષણભેદ, નિશ્ચય-વ્યવહાર ઇત્યાદિ અનેક વિષયોના સાચા બોધનો—ગુરુદેવે ભારતવ્યાપી પ્રચાર કર્યો. તીર્થંકરદેવોએ કહેલાં આવાં અનેક સત્યો તો ગુરુદેવ દ્વારા વિધવિધ માધ્યમથી પ્રકાશિત થયાં; સાથે સાથે સર્વ તત્ત્વજ્ઞાનનો શિરમોર—મુગટમણિ જે શુદ્ધદ્રવ્યસામન્ય અર્થાત્ પરમપારિણામિકભાવ એટલે કે જ્ઞાયકસ્વભાવી શુદ્ધાત્મદ્રવ્યસામાન્ય—જે સ્વાનુભૂતિનો આધાર છે, સમ્યગ્દર્શનનો આશ્રય છે, મોક્ષમાર્ગનું આલંબન છે, સર્વ શુદ્ધભાવોનો નાથ છે—તેને બહાર લાવીને પૂજ્ય ગુરુદેવે અથાગ ઉપકાર કર્યો છે.

જીવ પરદ્રવ્યની ક્રિયા તો કરતો નથી, પરંતુ વિકારકાળે પણ સ્વભાવ-અપેક્ષાએ નિર્વિકાર રહે છે, અપૂર્ણ દશા વખતે પણ પરિપૂર્ણ રહે છે, સદાશુદ્ધ છે, કૃતકૃત્ય ભગવાન છે. જેમ રંગિત દશા વખતે સ્ફટિકમણિના વિદ્યમાન નિર્મળ સ્વભાવનું ભાન થઈ શકે છે, તેમ વિકારી, અધૂરી દશા વખતે પણ જીવના વિદ્યમાન નિર્વિકારી પરિપૂર્ણ સ્વભાવનું ભાન થઈ શકે છે. આવા શુદ્ધસ્વભાવના અનુભવ

વિના મોક્ષમાર્ગનો પ્રારંભ પણ થતો નથી, મુનિપણું પણ નરકાદિનાં દુઃખોના ડરથી કે બીજા કોઈ હેતુએ પળાય છે. ‘હું કૃતકૃત્ય છું, પરિપૂર્ણ છું, સહજાનંદ છું, મારે કાંઈ જોઈતું નથી’ એવી પરમ ઉપેક્ષારૂપ, સહજ ઉદાસીનતારૂપ, સ્વાભાવિક તટસ્થતારૂપ મુનિપણું દ્રવ્યસ્વભાવના–જ્ઞાયકસ્વભાવના નિર્ણયના પુરુષાર્થ પ્રત્યે, તેની લગની પ્રત્યે આત્માર્થીઓને વાળી, ભવભ્રમણથી મૂંઝાયેલા મુમુક્ષુઓ પર ગુરુદેવે અકથ્ય ઉપકાર કર્યો છે.

જેમ પૂજ્ય ગુરુદેવનો તાત્ત્વિક ઉપદેશ આપણને સત્ય માર્ગે વાળે છે તેમ તેમના ધ્યેયનિષ્ઠ જીવનનો પ્રત્યક્ષ પરિચય, તેઓશ્રીનો સત્સંગ આપણી સમક્ષ આત્માર્થીજીવનનો આદર્શ રજૂ કરી આપણામાં પુરુષાર્થ પ્રેરતો હતો. ‘આ મોંઘા મનુષ્યભવમાં ભવભ્રમણના અંતનો જ ઉપાય કરવો’ એ એક જ ધ્યેયને ગુરુદેવ પ્રથમથી વરેલા હતા. એ ધ્યેયને તેમણે સમગ્ર જીવન સમર્પિત કર્યું હતું. એ માટે જ અભ્યાસ, એનું જ મંથન, એનો જ પ્રયત્ન, એ જ ઉપદેશ, એ જ વાત, એ જ ચર્ચા. એ જ ધૂન, એનાં જ સ્વપ્ન, એના જ ભણકાર,—તેમનું આખુંય જીવન તે અર્થે જ હતું. ગત ઘણાં વર્ષો દરમ્યાન જગતમાં વિવિધ આંદોલનો આવ્યાં ને ગયાં, ઘણા રાજકીય, સામાજિક, ધાર્મિક ઝંઝાવાતો થયા, પરંતુ મેરુ સમાન અડગ ગુરુદેવના ધ્યેયનિષ્ઠ જીવનને તેઓ લેશમાત્ર સ્પર્શી શક્યા નહિ. ‘આ એક ભવના સુખાભાસ માટેના કલ્પિત વ્યર્થ પ્રયત્નથી શો લાભ? મારે તો એક ભવમાં અનંતા ભવો

ટાળવા છે' એવા ભાવપૂર્વક, ફરીને જન્મ ન થાય તેના ઉપાયની ધૂનમાં તેઓ નિજ અંતર્મુખ જીવનમાં અત્યંત લીન રહ્યા. ભવ-અંતના ઉપાય સિવાય બીજું બધું તેમને અત્યંત તુચ્છ લાગતું હતું.

પૂજ્ય ગુરુદેવનું અંતર સદા 'જ્ઞાયક....જ્ઞાયક... જ્ઞાયક, ધ્રુવ...ધ્રુવ...ધ્રુવ, શુદ્ધ...શુદ્ધ...શુદ્ધ, પરમ-પારિણામિકભાવ' એમ ત્રિકાળિક જ્ઞાયકના આલંબનભાવે નિરંતર—જાગૃતિમાં કે નિદ્રામાં—પરિણમી રહ્યું હતું. શ્રી સમયસાર, નિયમસાર વગેરેનાં પ્રવચનો કરતાં કે ચર્ચાવાર્તા દરમ્યાન તેઓ જ્ઞાયકના સ્વરૂપનું અને તેના મહિમાનું મધુરું સંગીત ગાયા જ કરતા હતા. અહો! એ સ્વતંત્રતાના ને જ્ઞાયકના ઉપાસક ગુરુદેવ! તેમણે મોક્ષાર્થીઓને સાચો મુક્તિનો રાહ બતાવ્યો!

જ્ઞાયક તણી વાર્તા કરે, જ્ઞાયક તણી દૃષ્ટિ ધરે,
નિજદેહ-અણુઅણુમાં અહો! જ્ઞાતૃત્વરસ ભાવે ભરે;
જ્ઞાયકમહીં તન્મય બની જ્ઞાતૃત્વને ફેલાવતો,
કાયા અને વાણી-હૃદય જ્ઞાતૃત્વમાં રેલાવતો.

—આવા જ્ઞાયકોપાસક હતા આપણા ગુરુદેવ.

તેઓશ્રી દ્રવ્ય-અપેક્ષાએ 'સિદ્ધસમાન સદા પદ મેરો' એમ અનુભવતા હતા તોપણ પર્યાય-અપેક્ષાએ 'અમે ક્યારે સિદ્ધપણું પ્રગટ કરીએ!' એમ ભાવના ભાવતા હતા. સિદ્ધપણાની તો શું, પણ સંયમની ભાવનારૂપે પણ તેઓ પરિણમતા હતા. 'કલ્પવૃક્ષ સમ સંયમ કેરી અતિ શીતળ

જ્યાં છાયા જી' એમ અનેકવાર ભાવવિભોર લલકારથી તથા 'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે? ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો?.....' એમ હૃદયના ઊંડાણથી દૈનિક પ્રવચનોમાં તેમ જ શ્રી જિનબિંબ-પ્રતિષ્ઠામાં દીક્ષાકલ્યાણકના પ્રાસંગિક પ્રવચનમાં વિવિધ પ્રકારે સંયમની ભાવના ભાવતા ગુરુદેવની પાવનમૂર્તિ ભક્તોની નજર સમક્ષ તરે છે.

'સિદ્ધસમાન પોતાને પૂર્ણ શુદ્ધ દેખે-માને છતાં સંયમની ભાવના ભાવે?' હા. શક્તિ-અપેક્ષાએ પરિપૂર્ણ શુદ્ધ પોતાને દેખતા—માનતા હોવા છતાં વ્યક્તિ-અપેક્ષાએ શુદ્ધ થવાની જ્ઞાનીને ભાવના અવશ્ય હોય છે. ગુરુદેવ આવી શાસ્ત્રોક્ત યથાર્થ સંધિબદ્ધ સમ્યક પરિણતિએ પરિણમી રહ્યા હતા. ખરેખર તો શુદ્ધસ્વરૂપના દ્રષ્ટા સમ્યગ્દૃષ્ટિ જીવને જ સાચી સંયમની ભાવના હોય છે, કારણ કે તે સંયમપરિણતિનું સાચું સ્વરૂપ જાણે છે. મિથ્યાદૃષ્ટિને સાચી સંયમની ભાવના હોતી જ નથી, કારણ કે તેને સાચા સંયમની ખબર નથી.

'બહેનશ્રીનાં વચનામૃત'ના ૩૮૦મા બોલમાં કહ્યું છે કે :—'જેમ કંચનને કાટ લાગતો નથી, અગ્નિને ઊધઈ લાગતી નથી, તેમ જ્ઞાયકસ્વભાવમાં આવરણ, ઊણપ કે અશુદ્ધિ આવતી નથી.' જેમ પૂજ્ય ગુરુદેવ શક્તિ-અપેક્ષાનો આ બોલ વારંવાર ઉલ્લાસપૂર્વક યાદ કરતા હતા, તેમ વ્યક્તિ-અપેક્ષાનો સિદ્ધત્વ પ્રાપ્ત કરવાની ભાવનાનો ૪૦૧મો બોલ પણ અનેક વાર ઉલ્લસિતભાવે યાદ કરીને પ્રસન્નતાથી કહેતા :—જુઓ! બેન કેવી ભાવના ભાવે છે? 'આ

વિભાવભાવ અમારો દેશ નથી. આ પરદેશમાં અમે ક્યાં આવી ચડ્યા?....અમે હવે સ્વરૂપસ્વદેશ તરફ જઈ રહ્યા છીએ. અમારે ત્વરાથી અમારા મૂળ વતનમાં જઈને નિરાંતે વસવું છે જ્યાં બધાં અમારાં છે.'

આવું, અનેકાંતસુસંગત યથાર્થ સંધિવાળું પૂજ્ય ગુરુદેવનું જીવન આપણને સાચોમાર્ગ ચીંધી રહ્યું છે. તે પવિત્ર જીવન આપણને કોઈ પણ શુભભાવોમાં નહિ સંતોષાઈ જતાં ધ્રુવ તત્ત્વના આલંબનના પુરુષાર્થની પ્રબળ પ્રેરણા આપી રહ્યું છે; વળી 'હું ધ્રુવ છું' એવી દૃઢતાની સાથે સાથે 'અમે અમારા મૂળ વતનમાં જવા તલસીએ છીએ' એવી ભીનાશ પણ રહેવી જોઈએ, નહિ તો 'ધ્રુવ તત્ત્વ'ની સમજણના પ્રકારમાં જ કાંઈક ભૂલ છે એમ ચેતવી, દીવાદાંડીરૂપ રહી, આપણી જીવનનૌકાને ખરાબાવાળા માર્ગેથી બચાવી લઈ, આપણને સાચા માર્ગે દોરે છે. શ્રી સદ્ગુરુદેવની સ્તુતિમાં આપણે ગાઈએ છીએ ને—

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

—અહા! આ રીતે પરમકૃપાળુ પરમ પૂજ્ય ગુરુદેવનું સ્વાનુભવવિભૂષિત પવિત્ર જીવન તથા અધ્યાત્મોપદેશ આપણને અત્યંત ઉપકારક થઈ રહ્યાં છે.

વસ્તુતઃ પૂજ્ય ગુરુદેવે સ્વાનુભૂતિપ્રધાનતાનો એક

અદ્‌ભુત યુગ પ્રવર્તાવ્યો છે. 'मेरो धनी नहि दूर दिसंतर, मोहिमें है मोहि सूझत नीकै' એવો જોરદાર સિંહનાદ કરી ગુરુદેવે સર્વજ્ઞવીતરાગપ્રણીત સ્વાનુભૂતિપ્રધાન જિનશાસનની ઝંખાયેલી જ્યોતમાં નવું તેજ પૂરી આત્માર્થી જીવો પર ખરેખર મહાન અનહદ ઉપકાર કર્યો છે.

આવા ચમત્કારપૂર્ણ આધ્યાત્મિક જ્ઞાનભક્તિનો નવયુગ સર્જનાર એવા મહાન ઉપકારી પરમકૃપાળુ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીએ જીવનની છેલ્લી પળ સુધી પોતાના સ્વાનુભવસમૃદ્ધ જ્ઞાનભંડારમાંથી ભક્તોને ખૂબ ખૂબ આપ્યું. ભારતના સુપાત્ર જીવોને ન્યાલ કરી દીધા. ૯૧ વર્ષની ઉંમર સુધી અવિરતપણે વીતરાગવિજ્ઞાનની લહાણ કરી. છેવટે ભક્તોના ભાગ્ય ખૂટ્યાં. વિ.સં. ૨૦૩૭, કારતક વદ સાતમ, શુક્રવાર (તા. ૨૮-૧૧-૧૯૮૦)ના દિવસે કૃપાળુ ગુરુદેવે ભક્તોને નોધારા મૂકીને અંતર જ્ઞાયકની સાધનાયુક્ત સમાધિપરિણામમાં સ્વર્ગ પ્રતિ મહાપ્રયાણ કર્યું.

અહો! કૃપાળુ ગુરુદેવના ઉપકારભરપૂર મહિમાનું વર્ણન તો શું થાય!

શ્રીમદ્‌જીએ ગુરુમહિમા વર્ણવતાં કહ્યું છે કે—

અહો! અહો! શ્રી સદ્‌ગુરુ, કરુણાસિંધુ અપાર;
આ પામર પર પ્રભુ કર્યો, અહો! અહો! ઉપકાર.

શું પ્રભુ ચરણ કને ધરું, આત્માથી સૌ હીન;
તે તો પ્રભુએ આપિયો, વર્તું ચરણાધીન.

આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન,
દાસ, દાસ, હું દાસ છું, તેહ પ્રભુનો દીન.

પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવનો અપાર ઉપકારમહિમા, તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ ધન્યાવતાર આત્મજ્ઞાની પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના વિવિધ પ્રસંગે બોલાયેલા શબ્દોમાં કહીને પૂજ્ય ગુરુદેવનું આ 'સંક્ષિપ્ત જીવનવૃત્ત તથા ઉપકારગુણકીર્તન' પૂરું કરું છું :—

''પૂજ્ય કહાનગુરુદેવથી તો મુક્તિનો માર્ગ મળ્યો છે. તેઓશ્રીએ ચારે બાજુથી મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે. ગુરુદેવનો અપાર ઉપકાર છે. તે ઉપકાર કેમ ભુલાય?

ગુરુદેવનું દ્રવ્ય તો અલૌકિક છે. તેમનું શ્રુતજ્ઞાન અને વાણી આશ્ચર્યકારી છે.

પરમ ઉપકારી ગુરુદેવનું દ્રવ્ય મંગળ છે, તેમની અમૃતમય વાણી મંગળ છે. તેઓશ્રી મંગળમૂર્તિ છે, ભવોદધિતારણહાર છે, મહિમાવંત ગુણોથી ભરેલા છે.

પૂજ્ય ગુરુદેવનાં ચરણકમળની ભક્તિ અને તેમનું દાસત્વ નિરંતર હો.''

''તીર્થંકર ભગવંતોએ પ્રકાશેલો દિગંબર જૈનધર્મ જ સત્ય છે એમ ગુરુદેવે યુક્તિ-ન્યાયથી સર્વ પ્રકારે સ્પષ્ટપણે સમજાવ્યું છે. માર્ગની ઘણી છણાવટ કરી છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન, સ્વાનુભૂતિ, મોક્ષમાર્ગ ઇત્યાદિ બધું તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે

સત્યરૂપે બહાર આવ્યું છે. ગુરુદેવની શ્રુતની ધારા કોઈ જુદી જ છે. તેમણે આપણને તરવાનો માર્ગ દેખાડ્યો છે. પ્રવચનમાં કેટલું ઘોળી ઘોળીને કાઢે છે! તેઓશ્રીના પ્રતાપે આખા ભારતમાં ઘણા જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે. પંચમકાળમાં આવો યોગ મળ્યો તે આપણું પરમ સદ્‌ભાગ્ય છે. જીવનમાં બધો ઉપકાર ગુરુદેવનો જ છે. ગુરુદેવ ગુણથી ભરપૂર છે, મહિમાવંત છે. તેમના ચરણકમળની સેવા હૃદયમાં વસી રહો.''

''ગુરુદેવે શાસ્ત્રોનાં ગહન રહસ્યો ઉકેલીને સત્ય શોધી કાઢ્યું ને આપણી પાસે સ્પષ્ટ રીતે મૂક્યું છે. આપણે ક્યાંય સત્ય ગોતવા જવું પડ્યું નથી. ગુરુદેવનો પ્રતાપ કોઈ અદ્‌ભુત છે. 'આત્મા' શબ્દ બોલતાં શીખ્યા હોઈએ તો તે પણ ગુરુદેવના પ્રતાપે. 'ચૈતન્ય છું, જ્ઞાયક છું'—ઈત્યાદિ ઈત્યાદિ બધું ગુરુદેવના પ્રતાપે જ જણાયું છે....''

''....(શ્રી કહાનગુરુદેવે) પોતાનાં સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા તત્ત્વ પ્રકાશી ભારતને જાગૃત કર્યું છે. ગુરુદેવનો અમાપ ઉપકાર છે. આ કાળે આવા માર્ગ સમજાવનાર ગુરુદેવ મળ્યા છે તે અહોભાગ્ય છે. સાતિશય ગુણરત્નોથી ભરપૂર ગુરુદેવનો મહિમા અને તેમનાં ચરણકમળની ભક્તિ અહોનિશ અંતરમાં રહો!''

—આ છે પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના શ્રીમુખેથી ભિન્ન ભિન્ન પ્રસંગે પ્રવહેલો, આધ્યાત્મિક યુગપુરુષ પરમકૃપાળુ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી

કાનજીસ્વામીનો ઉપકારગરિમાયુક્ત લોકોત્તર મહિમા. આવા સાતિશય મહિમાવંત મહાપુરુષના પાવનયોગથી ભારતવર્ષનું આધ્યાત્મિક ક્ષેત્ર ઊજળું બન્યું છે. શુદ્ધાત્મદૃષ્ટિનું સુધાપાન કરાવનાર આ તરતા પુરુષના સત્સમાગમનો લાભ લેનાર મહાન ભાગ્યશાળી બન્યા છે. પરમપૂજ્ય પરમોપકારી ગુરુદેવનાં ચરણોમાં—તેમની માંગલિક પવિત્રતાને, પુરુષાર્થપ્રેરક ધ્યેયનિષ્ઠ જીવનને, સ્વાનુભૂતિમૂલક સન્માર્ગદર્શક ઉપદેશોને અને અનેકાનેક ઉપકારોને હૃદયમાં રાખીને—અત્યંત ભક્તિપૂર્વક ભાવભીનાં વંદન હો. તેઓશ્રીએ પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો અને આપણને સત્પુરુષાર્થની પ્રેરણાનું અમૃત નિરંતર પાયા કરો.

સોનગઢ

સં. ૨૦૩૮, શ્રાવણ વદ બીજ.

# સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે

(રાગ : સીમંધરમુખથી ફૂલડાં ખરે)

ઉમરાળા ધામમાં રત્નોની વર્ષા,
જન્મ્યા તારણહાર રે,
સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે;
ઊજમબા-માતાના નંદન આનંદકંદ,
શીતળ પૂનમનો ચંદ રે,
સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે. ૧.

મોતીચંદભાઈના લાડીલા સુત અહો!
ધન્ય માતા—કુળ—ગ્રામ રે,
સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે;
દુષમ કાળે અહો! કહાન પધાર્યા,
સાધકને આવ્યા સુકાળ રે,
સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે. ૨.

વિદેહમાં જિન-સમવસરણના
શ્રોતા સુભક્ત યુવરાજ રે,
સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે;
ભરતે શ્રીકુંદકુંદ—માર્ગ—પ્રભાવક
અધ્યાત્મસંત શિરતાજ રે,
સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે. ૩.

વરસ્યાં કૃપામૃત સીમંધરમુખથી,
યુવરાજ કીધા નિહાલ રે,
સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે;

ત્રિકાળ–મંગળ–દ્રવ્ય ગુરુજી,
મંગળમૂર્તિ મહાન રે,
સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે. ૪.

આત્મા સુમંગળ, દૃગજ્ઞાન મંગળ,
ગુણગણ મંગળમાળ રે,
સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે,
સ્વાધ્યાય મંગળ, ધ્યાન અતિ મંગળ,
લગની મંગળ દિનરાત રે,
સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે. ૫.

સ્વાનુભવમુદ્રિત વાણી સુમંગળ,
મંગળ મધુર રણકાર રે,
સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે.
બ્રહ્મ અતિ મંગળ, વૈરાગ્ય મંગળ,
મંગળ મંગળ સર્વાંગ રે,
સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે. ૬.

જ્ઞાયક–આલંબન–મંત્ર ભણાવી,
ખોલ્યાં મંગળમય દ્વાર રે,
સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે;

આતમસાક્ષાતકાર—જ્યોતિ જગાવી,
ઉજાળ્યો જિનવરમાર્ગ રે,
સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે. ૭.

પરમાગમસારભૂત સ્વાનુભૂતિનો
યુગ સર્જ્યો ઉજમાળ રે,
સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે;
દ્રવ્યસ્વતંત્રતા, જ્ઞાયકવિશુદ્ધતા
વિશ્વે ગજાવનહાર રે,
સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે. ૮.

સારા ભારતમાં અમૃત વરસ્યાં,
ફાલ્યા અધ્યાતમ—ફાલ રે,
સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે;
શ્રુતલબ્ધિ—મહાસાગર ઊછળ્યો.
વાણી વરસે અમીધાર રે,
સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે. ૯.

નગર નગર ભવ્ય જિનાલયો ને
બિંબોત્સવ ઉજવાય રે,
સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે;
ક્હાનચરણથી સુવર્ણપુરનો
ઉજ્જવળ બન્યો ઈતિહાસ રે,
સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે. ૧૦.

'ભગવાન છો' સિંહનાદોથી ગાજતું
સુવર્ણપુર તીર્થધામ રે,
સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે;
રત્નચિંતામણિ ગુરુવર મળિયા,
સિદ્ધયાં મનવાંછિત કાજ રે,
સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે. ૧૧.

અનંત મહિમાવંત ગુરુરાજને
રત્ને વધાવું ભરી થાળ રે,
સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે;
પાવન એ સંતનાં પાદારવિંદમાં
હોજો નિરંતર વાસ રે,
સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે. ૧૨

❀

# ગુરુદેવનો ઉપકાર

(મંદાક્રાન્તા)

જ્યાં જોઉં ત્યાં નજર પડતા રાગ ને દ્વેષ હા! હા!
જ્યાં જોઉં ત્યાં શ્રવણ પડતી પુણ્ય ને પાપગાથા;
જિજ્ઞાસુને શરણસ્થળ ક્યાં? તત્ત્વની વાત ક્યાં છે?
પૂછે કોને પથ પથિક જ્યાં આંધળા સર્વ પાસે?

(શાર્દૂલવિક્રીડિત)

એવા એ કળિકાળમાં જગતનાં કંઈ પુણ્ય બાકી હતાં,
જિજ્ઞાસુ હૃદયો હતાં તલસતાં સદ્‌વસ્તુને ભેટવા;
એવા કંઈક પ્રભાવથી, ગગનથી ઓ ક્હાન! તું ઊતરે,
અંધારે ડૂબતા અખંડ સતને તું પ્રાણવંતું કરે.

જેનો જન્મ થતાં સહુ જગતનાં પાખંડ પાછાં પડે,
જેનો જન્મ થતાં મુમુક્ષુહૃદયો ઉલ્લાસથી વિકસે;
જેના જ્ઞાનકટાક્ષથી ઉદય ને ચૈતન્ય જુદાં પડે,
ઈન્દ્રો એ જિનસુતના જનમને આનંદથી ઊજવે.

(અનુષ્ટુપ)

ડૂબેલું સત્ય અંધારે, આવતું તરી આખરે;
ફરી એ વીરવાક્યોમાં પ્રાણ ને ચેતના વહે.

❀

# વિદેહવાસી કહાનગુરુ

વિદેહવાસી કહાનગુરુ ભરતે પધાર્યા રે,
સુવર્ણપુરીમાં નિત્યે ચૈતન્યરસ વરસ્યા રે;
ઉજમબાના નંદ અહો! આંગણે પધાર્યા રે;
અમ અંતરિયામાં હર્ષ ઊભરાયા રે.

આવો પધારો મારા સદ્‌ગુરુદેવા;
શી શી કરું તુજ ચરણોની સેવા.
વિધવિધ રત્નોના થાળ ભરાવું રે,
વિધવિધ ભક્તિથી ગુરુને વધાવું રે.....વિદેહ૦ ૧.

દિવ્ય અચરજકારી ગુરુ અહો! જાગ્યા;
પ્રભાવશાળી સંત અજોડ પધાર્યા.
વાણીની બંસરીથી બ્રહ્માંડ ડોલે રે,
ગુરુ–ગુણગીતો ગગનમાંહી ગાજે રે.....વિદેહ૦ ૨.

શ્રુતાવતારી અહો! ગુરુજી અમારા;
અગણિત જીવોનાં અંતર ઉજાળ્યાં.
સત્ય ધરમના આંબા રૂડા રોપ્યા રે,
સાતિશય ગુણધારી ગુરુ ગુણવંતા રે.....વિદેહ૦ ૩.

કામધેનુ કલ્પવૃક્ષ અહો! ફળિયાં;
ભાવિ તણા ભગવંત મુજ મળિયા.
અનુપમ ધર્મધોરી ગુરુ ભગવંતા રે,
નિશદિન હોજો તુજ ચરણોની સેવા રે.....વિદેહ૦ ૪.

# પરમ પૂજ્ય પરમોપકારી ગુરુદેવના વિરહભાવભર્યું ગીત

(પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના
ભક્તિપૂર્ણ હૃદયમાંથી વહેલું)

(રાગ—અપૂર્વ અવસર.....)

ચાંદલિયા! સંદેશ દેજે ગુરુદેવને,
(શશિયર! સંદેશો દેજે ગુરુદેવને,)
વસી રહ્યા છે સ્વર્ગપુરીને ધામ જો;
વૈમાનિક સ્વર્ગે મુજ ગુરુજી બિરાજતા,
ઈન્દ્ર સરીખા શોભી રહ્યા એ દેવ જો....ચાંદલિયા! ૧.

વિદેહમાં સ્વર્ગેથી ગુરુજી પધારતા,
સીમંધરદર્શનથી તૃપ્તિ અપાર જો;
વૈમાનિક-પરિષદમાં ગુરુવર-બેસણાં;
ભાવભીના ઝીલે ધ્વનિ અમૃતધાર જો....ચાંદલિયા! ૨.

સ્વર્ણપુરીનાં ધામો આ સૂનાં થયાં,
ભરતક્ષેત્રને છોડી ચાલ્યા નાથ જો;
(સ્વર્ણપુરીને છોડી ચાલ્યા નાથ જો;)
તુજ વિરહે હૃદયો ભક્તોનાં રડી રહ્યાં,
ટળવળતા જ્યમ માતવિહૂણાં બાળ જો....ચાંદલિયા! ૩.

વિદેહક્ષેત્રે ગુરુજી જેમ પધારતા,
તેમ પધારો સ્વર્ણપુરી મોઝાર જો;
સ્વર્ણપુરે ભક્તો તુજ દર્શન ઝંખતા,
દર્શન દો, વાણી વરસાવો, નાથ! જો....ચાંદલિયા! ૪.

તુજ ચરણોમાં મનડું મુજ લાગી રહ્યું,
અંતરમાંહી લાગ્યો રંગ મજીઠ જો;
તુજ દર્શનની સેવકને નિત ઝંખના,
શ્રવણ કરાવો ચિદ્‌રસઝરતા નાદ જો....ચાંદલિયા! ૫.

વિમાનવાસી, દિવ્ય શક્તિધર દેવ છો,
વિધવિધ કાર્યે સમર્થ છો ગુરુદેવ! જો;
આશા પૂર્ણ કરોને ગુરુજી! દાસની,
સ્વર્ણે પધારી વર્તાવો જયકાર જો,
(આનંદમંગળ વર્તાવો ગુરુરાજ! જો.)....ચાંદલિયા! ૬.

ભરતે એક અજોડ રતન ગુરુજી! તમે,
અંતર ઊછળ્યાં શ્રુતસાગરનાં પૂર જો;
સ્વર્ણે નિત ગુરુમુખથી અમીવર્ષા થતી,
પંચમ કાળે પરાક્રમી ભડવીર જો....ચાંદલિયા! ૭.

ગુણમૂર્તિ અદ્‌ભુત શ્રુતધર ગુરુદેવ! છો,
ચિંતામણિ સમ ચિંતિત ફળ દાતાર જો;
મંગળતામય શીતળ તારી છાંયડી,
સત્ય ધરમના આંબા રોપ્યા નાથ! જો....ચાંદલિયા! ૮.

ગુરુજી! તારા પડ્યા વિરહ વસમા ઘણા,
તારણહાર થયા નયનોથી દૂર જો;
સેવકને છોડી ગુરુજી ચાલ્યા ગયા,
અંતરમાં તો નિત્ય બિરાજો નાથ! જો....ચાંદલિયા! ૯.

ભવભવમાં હો તુજ ચરણોની સેવના,
અનંત-ઉપકારી ભાવી ભગવંત જો;

શુદ્ધાત્માના શરણે સાધી સાધના,
નિત્યે રહેશું દેવ-ગુરુની સાથ જો....ચાંદલિયા! ૧૦.

❀

## પુનઃ પધારજો !

કહાનગુરુ ઓ ! વહાલા પુનઃ પધારજો !

સીમંધર-ગણધરના સત્સંગી તમે,
આવ્યા રંક ઘરે શો પુણ્યપ્રભાવ જો;
અર્પણતા પૂરી ના અમને આવડી,
લેશ ન લીધો ઉરકરુણાનો લાભ જો...કહાનગુરુ૦

સત્યામૃત વરસાવ્યાં આ કાળે તમે,
આશય અતિશય ઊંડા ને ગંભીર જો;
નંદનવન સમ શીતળ છાંય પ્રસારતા,
જ્ઞાનપ્રભાકર પ્રગટી જ્યોત અપાર જો...કહાનગુરુ૦

અણમૂલા સુતનુ ઓ! શાસનદેવીના,
આત્માર્થીની એક અનુપમ આંખ જો;
સંત સલૂણા! કલ્પવૃક્ષ! ચિંતામણિ!
પંચમ કાળે દુર્લભ તવ દિદાર જો...કહાનગુરુ૦


❀

ગુરુદેવનું દ્રવ્ય અલૌકિક હતું. તેમની વાણી પણ એવી અલૌકિક હતી કે અંદર આત્માની રુચિ જગાડે. તેમની વાણીનાં ઊંડાણ ને રણકાર કંઈક જુદાં જ હતાં. વાણી સાંભળતાં અપૂર્વતા લાગે ને 'જડ-ચૈતન્ય જુદાં છે' તેવો ભાસ થઈ જાય એવી વાણી હતી. 'અરે જીવો! તમે દેહમાં બિરાજમાન આત્મા છો કે જે અનંત ગુણોનો મહાસાગર છે, મન-વચન-કાયાથી જુદો છે અને વિભાવથી પણ પેલે પાર છે. તે પ્રત્યક્ષ અનુભવગોચર ભગવાનને તમે અનુભવો; તમને પરમાનંદ થશે.'—આવી ગુરુદેવની અનુભવ-યુક્ત જોરદાર વાણી શ્રોતાઓને આશ્ચર્યચકિત કરતી. ઘણી પ્રબળ વાણી! સંસારના ઝેર ઉતારી નાખે; વિષય-કષાયને પાતળા કરી નાખે; પાપનો રસ તો નીતરી જ જાય, પરંતુ પુણ્યનો રસ પણ ન રહે; શુદ્ધ પરિણતિની અને શુદ્ધ જ્ઞાયક આત્માની લગની લગાડે એવી મંગળમય વાણી ગુરુદેવની હતી.

આવા વિષમ કાળમાં આવા મહાપુરુષનો યોગ મળવો અતિ અતિ દુર્લભ છે. એમના દર્શન ને વાણી કેટલાં દુર્લભ છે તે અત્યારે સૌ ભક્તોને વેદનપૂર્વક સ્પષ્ટ સમજાય છે. પુણ્યના થોક ઊછળ્યા વિના આવા મહાપુરુષનો યોગ આ કાળે ક્યાંથી હોય? ભારતનાં મહાભાગ્ય હતાં કે ગુરુદેવનો અહીં જન્મ થયો, આટલા વર્ષો સુધી બધાને અપૂર્વ લાભ મળ્યો. એમનાં પગલાં પડે ત્યાં મંગળ-મંગળ થઈ જાય! આખી નગરી ફરી જાય! બધા એકીટશે ટગર ટગર જોઈ રહે અને અદ્‌ભુત શાન્તિ જાળવીને પ્રેમપૂર્વક ગુરુદેવની જ્ઞાનવૈરાગ્યપૂર્ણ અમૃતવાણી ઝીલે. સૌ ભલે પોતાની શક્તિ પ્રમાણે સમજે વત્તે–ઓછું, પણ સામાન્ય રીતે બધા એવી છાપ લઈને જાય કે ખરેખર આ કોઈ ધર્મપુરુષ છે.

ગુરુદેવે ભારતને ઘણું આપ્યું છે. ૪૫-૪૫ વર્ષ સુધી શ્રુતના ધોધ વરસાવ્યા છે. ભારત ઉપર તેમનો અપાર ઉપકાર છે.

—બહેનશ્રી ચંપાબેન


અનુભૂતિ તીર્થ મહાન, સ્વર્ણપુરી સોહે
યહ કહાનગુરુ વરદાન, મંગલ મુક્તિ મિલે.